પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૦૨ • કુલ પાના : ૪ • તારીખ : ૨૧-૦૪-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# લક્ષ્મણજી જ્યારે મૂર્છિત થયા ત્યારે હનુમાનજી હિમાલયથી સંજીવની લાવ્યા, ત્યારે પણ ભારત આત્મનિર્ભર હતું : વડાપ્રધાન

## આયુષ વિઝા શરૂ કરાશે, જેનાથી વિદેશીઓ આયુષ ઉપચાર માટે ભારતમાં આવી શકે



ગાંધીનગર,

મહાત્મા મંદિરમાં આયોજીત ગ્લોબલ આયુષ ઈન્વેસમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ ૨૦૨૨નું વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે મોરેશિયસના પ્રધાનમંત્રી, ડબ્લ્યુએચઓના મહાનિદેશક, રાજ્યનાં સીએમ પણ ઉપસ્થિત રહ્યા છે. આ પ્રસંગે પીએમ મોદીએ સંબોધનની શરૂઆત, 'કેમ છો' બોલીને કરી હતી.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, આયુષ સેક્ટરમાં વૃદ્ધિથી આયુષની માંગથી ગ્રોથ સતત વધશે. ૨૦૧૪ પહેલા આયુષ સેક્ટરમાં ૩ બીલીયન ડોલર કરતા ઓછું હતું, જે ૧૮ બીલીયન ડોલરને પાર કરી ગયું છે. પહેલા જ આમાં અભૂતપૂર્વ તેજી જોઈ રહ્યા છીએ. આયુષમાં ઈન્વેસ્ટમેન્ટ અને ઈનોવશન અસિમિત છે. સમય આવી ગયો છે કે આયુષમા ઈન્વેસ્ટમેન્ટ વધારવામા આવે. કોણે વિચાર્યું હતું કે આટલી જલ્દી વેક્સિન બની એ પણ ભારતમાં બનીને તૈયાર થઈ જશે. મોડર્ન ફાર્મા કંપની અને વેક્સિન કંપનીઓએ ઈન્વોસ્ટમેન્ટ મળતા કમાલ કરી નાંખી છે.

આપણે જોયું છે કે આધુનિક ફાર્મા કંપનીઓ, જેઓ વેકસીન ઉત્પાદકો છે, જો તેઓને યોગ્ય સમયે રોકાણ મળે તો તેઓએ ઘણું બતાવ્યું છે. કોણ કલ્પના કરી શકે છે કે આટલી જલ્દી આપણા દેશમાં કોરોનાની રસી વિકસાવી શકીશું. પરંતુ તેમ છતાં કરી દેખાડ્યું. આયુષના ક્ષેત્રમાં રોકાણ અને નવીનતાની શક્યતાઓ અમર્યાદિત છે. અમે પહેલેથી જ આયુષ દવાઓ, પૂરક અને સૌંદર્ય પ્રસાધનોના ઉત્પાદનમાં અભૂતપૂર્વ વૃદ્ધિના સાક્ષી છીએ. ૨૦૧૪માં, જ્યાં આયુષ ક્ષેત્ર ઈ૩ બિલિયનથી ઓછું હતું. આજે તે ઈ૧૮ બિલિયનને પણ વટાવી ગયું છે.

મોદીએ જણાવ્યું કે, મહામારી દરમિયાન હળદરનું એક્સપોર્ટ વધી ગયું. ઈમ્યિનિટી વધારવામાં હવે આયુષ મદદ કરી રહ્યું હતું. આ વિચાર મને ત્યારે આવ્યો કે જ્યારે સમગ્ર વિશ્વમા મહામારી ફેલાઈ હતી. પ્રથમવાર છે કે આયુષ સેક્ટર માટે આન્વેસ્ટમેન્ટ સમિટ થાય છે. આપડે જોયું છે કે અલગ અલગ સેક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ માટે સમિટ થાય છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં સ્ટાર્ટઅપમાં સ્વર્ણિમ સમય છે. ૨૦૨૨મા ચાર માસમા ભારત ૧૪ સ્ટાર્ટઅપ યુનિકોર્ન ક્લબમાં જોડાઈ ગયા છે. આયુષ મંત્રાલય ટ્રેડિશનલ મેડિસિનમાં સ્ટાર્ટઅપ માટે અનેક પગલા ભર્યા છે. ભારતમાં હર્બલનો ખજાનો છે, હિમાલય એના માટે જાણીતું છે, જે એક ગ્રિન ગોલ્ડ છે. મેડિકલ પ્લાન્ટના ખેડૂતો માર્કેટ સાથે જોડાય.. આયુષના પોર્ટલ થકી જોડાવવા કામ થઈ રહ્યું છે. આયુષ પ્રોડક્ટ બનાવતી કંપનીઓને આયુષનું ઉત્પાદન કરતા ખેડૂતો સાથે જોડાવા કામ થઈ રહ્યું છે. આયુષમાં ખેડૂતોની આવક વધી શકે છે, રોજગાર પણ વધી શકે છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, આયુષ મંત્રાલયે પરંપરાગત દવાઓના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ કલ્ચરને પ્રોત્સાહિત કરવા માટે ઘણા મોટા પગલા લીધા છે. થોડા દિવસો પહેલા ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ દ્વારા વિકસાવવામાં આવેલ ઈક્યુબેશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. ભારતમાં આ યુનિકોર્નનો યુગ છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૨માં જ અત્યાર સુધીમાં ભારતમાંથી ૧૪ સ્ટાર્ટ-અપ્સ યુનિકોર્ન ક્લબમાં જોડાયા છે. મને ખાતરી છે કે અમારા આયુષ સ્ટાર્ટ અપ્સમાંથી યુનિકોર્ન ખૂબ જ જલ્દી બહાર આવશે. ઔષધીય છોડના ઉત્પાદન સાથે સંકળાયેલા ખેડૂતોને બજાર સાથે સરળતાથી જોડાઈ શકે તેવી સુવિધા મળવી જોઈએ તે ખૂબ જ જરૂરી છે. આ માટે, સરકાર આયુષ ઈ-માર્કેટ પ્લેસના આધુનિકીકરણ અને વિસ્તરણ પર પણ કામ કરી રહી છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, એફએસએસએઆઈએ ગયા અઠવાડિયે તેના નિયમોમાં 'આયુષ આહર' નામની નવી શ્રેણીની પણ જાહેરાત કરી છે. આ હર્બલ પોષક પૂરવણીઓના ઉત્પાદકોને મોટા પ્રમાણમાં સુવિધા આપશે. ભારત એક ખાસ આયુષ ચિહ્ન પણ બનાવવા જઈ રહ્યું છે. આ ચિહ્ન ભારતમાં બનેલી ઉચ્ચ ગુણવત્તાની આયુષ ઉત્પાદનો પર લાગુ કરવામાં આવશે. આ આયુષ ચિહ્ન આધુનિક ટેકનોલોજીની જોગવાઈઓથી સજ્જ હશે. આનાથી વિશ્વભરના લોકોને ગુણવત્તાયુક્ત આયુષ ઉત્પાદનોનો વિશ્વાસ મળશે.

પીએમ મોદીએ કહ્યું કે, પરંપરાગત દવાએ કેરળના પ્રવાસનને વધારવામાં મદદ કરી. આ શક્તિ સમગ્ર ભારતમાં છે, ભારતના ખૂણે ખૂણે છે. 'હીલ ઈન ઈન્ડિયા' આ દાયકાની મોટી બ્રાન્ડ બની શકે છે. આયુર્વેદ, યુનાની, સિદ્ધ વગેરે વિદ્યાશાખાઓ પર આધારિત સુખાકારી કેન્દ્રો ખૂબ લોકપ્રિય હોઈ શકે છે. પીએમ મોદીએ આયુષ ઉપચારનો લાભ લેવા ભારત આવવા માંગતા વિદેશી નાગરિકો માટે સરકાર વધુ એક પહેલ કરી રહી છે. ખૂબ જ ટૂંક સમયમાં, ભારત એક વિશેષ આયુષ વિઝા શ્રેણી દાખલ કરવા જઈ રહ્યું છે. આનાથી લોકોને આયુષ ઉપચાર માટે ભારતમાં મુસાફરી કરવામાં મદદ મળશે.

પીએમ મોદીએ આયુષને લઈને એક ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, કેન્યાના પૂર્વ રાષ્ટ્રપતિ અને તેમની દીકરી બાબતે એક વાત કહેવા માંગૂ છું. કેન્યાના પૂર્વ રાષ્ટ્રપતિની દીકરીની બ્રેન ટેયુમરની સર્જરી થઈ જેના કારણે આંખોથી દેખી શકતી ન હતી. ભારતમાં આયુર્વેદિક ઉપચાર બાદ તેની આંખોની દ્રષ્ટી પાછી આવી છે. પીએમ મોદીએ રામાયણનો એક પ્રસંગ લઈને લોકોને સમજાવ્યું હતું કે, લક્ષ્મણજી જ્યારે મૂર્છિત થયા ત્યારે હનુમાનજી હિમાલયથી સંજીવની લઈ આવ્યા. આત્મનિર્ભર ભારત ત્યારે પણ હતું.

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોએ યોગ અને હવે પરંપરાગત દવાઓ માટે વિશ્વમાં એક સ્થાન બનાવ્યું છે. સમગ્ર વિશ્વમાં લોકો હવે પરંપરાગત દવા તરફ વળ્યા છે. તેમજ હવે નિવારક દવા તરફ આગળ વધવાનો સમય છે.

નોંધનીય છે કે મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જગન્નાથએ કહ્યું હતું કે આયુષ રોકાણ અને ઈનોવેશન સમિટમાં ભાગ લેવો મારા માટે ગર્વની વાત છે. ડબ્લ્યુએચના અનુસાર, વિશ્વમાં ૮૦ ટકા લોકો પરંપરાગત દવાઓનો ઉપયોગ કરે છે. આ દવાના જ્ઞાનને માત્ર માન આપવું જોઈએ નહીં, પરંતુ તેને સુરક્ષિત અને પ્રોત્સાહન આપવું જોઈએ.

## કાળઝાળ ગરમી વચ્ચે ગુજરાતમાં અનેક જગ્યાએ વરસાદી ઝાપટાં, વાતાવરણ વાદળ છાયું છવાયું



અમદાવાદ,


વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ગુજરાતમાં પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમી ઠંડા પવન ફૂંકાઈ રહ્યા છે. જેને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ છવાયુ છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં વરસાદની આગાહી આપી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા છે. આજે વહેલી સવારથી જૂનાગઢ, રાજકોટ, જેતપુર સહિતના વિસ્તારોમાં વહેલી સવારથી વાદળછાયુ વાતાવરણ છવાયુ હતું આ સાથે માળીયાહાટી તાલુકાના ગડોદર, દ્વારકા અને ગીરસોમનાથમાં પણ વાદળછાયું વાતાવરણ છવાયુ હતું જયારે કેટલાક સ્થળોએ વરસાદી ઝાપટાં પડયા હોવાના અહેવાલો છે.

આજે વહેલી સવારથી ભાવનગર જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને આકાશમાં વાદળો ઘેરાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી હવામાન વિભાગે ત્રણ દિવસ માવઠાની આગાહી કરી છે. માવઠાથી તલ, બાજરી અને પાછોતરા વાવેતરના ઘઉંને નુકશાન થઈ શકે. બાગાયતી પાકોમાં લીંબુ અને કેરીના પાકને વ્યાપક નુકશાનની ભીતિ છે.

જેતપુરમાં વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વહેલી સવારથી વાદળ છાયું વાતાવરણ જોવા મળતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે. વહેલી સવારથી વરસાદી છાંટા ખરતા જોવા મળ્યા. લોકોને ઠંડીનો જેવો અહેસાસ થયો છે. હવામાન વિભાગની આગાહી પગલે જુનાગઢમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટા શરૂ થયા હતા. શહેરના બસ સ્ટેન્ડ , રેલ્વે સ્ટેશન રોડ તેમજ ગાંધી ચોક સહીત ના વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે. વધું વરસાદ પડે તો કેરી સહીત અન્ય પાકોમા નુકશાનની ભીતી સેવાઈ રહી છે. જોરદાર માવઠું થાય તો ખેડૂતોમા ચિંતા વધી ગઈ છે. પરંતુ વરસાદી ઝાંટાથી ગરમીથી લોકોને આશિંક રાહત મળી છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી રાજયમાં પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમી ઠંડા પવન શરૂ થયા છે, જેને કારણે અમદાવાદ સહિત રાજયના મોટા ભાગના વિસ્તારોના તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થતાં ગરમીમાં સામાન્ય ઘટાડો થયો છે. આગામી ૨૪ કલાક દરમિયાન રાજયના વાતાવરણમાં પલટો આવવાની સાથે વરસાદી છાંટીથી લઈ ઝાપટાં પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આગામી ૨૪ કલાક દરમિયાન બનાસકાંઠા, આણંદ, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભરૂચ અને સુરત તેમ જ સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, ગીર-સોમનાથ અને જૂનાગઢ જેવા વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવશે તેમ જ કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડશે. વાતાવરણમાં પલટો આવતાં રાજયના મોટા ભાગના વિસ્તારોના મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## રાજધાનીમાં કોરોનાએ ફરી માથું ઉચક્યું : કેન્દ્રનો રાજ્યોને સાવચેત રહેવા આદેશ



નવીદિલ્હી,

વધુ એક વખત કોરોના દેશમાં માથૂ ઊચકી રહ્યો છે. એકાએક કોરોનાના આંકડાઓનો ગ્રાફ ફરીથી વધવા લાગ્યો છે ત્યારે કેન્દ્ર કોરોના ને કાબૂ કરવા ગંભીર બન્યું છે. દિલ્હી-એનસીઆરના વિસ્તારોમાં કોરોના ઝડપથી વધી રહ્યો છે. મોટી સંખ્યામાં બાળકો પણ હવે સંક્રમિત થઈ રહ્યા છે. ત્રીજી લહેર બંધ થયા બાદ જે પ્રતિબંધો હટાવવામાં આવ્યા હતા તે હવે ફરીથી લાગૂ થવા લાગ્યા છે. વાસ્તવમાં સૌથી વધુ કેસ દિલ્હી-એનસીઆરમાં સામે આવી રહ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ૨૪ કલાકમાં કોરોનાના ૧૨૪૭ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૫૦૧ કેસ માત્ર દિલ્હીના છે. આમ દિલ્હીમાં દર સેકન્ડે સંક્રમણ વધી રહ્યું છે. દેશમાં સતત વધી રહેલા કોરોનાના કેસોએ ફરીથી ચિંતા વધારી દીધી છે ત્યારે આવી સ્થિતિમાં કેન્દ્ર સરકારે રાજ્યોને વધુ સતર્ક રહેવા સૂચના આપી છે. કેન્દ્ર દ્વારા તમામને પત્ર લખવામાં આવ્યો છે જેમાં મંગળવારે દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર અને મિઝોરમને કોરોના સામે ગંભીર બનવા સૂચયન કરાયું છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે, જો કોઈ પણ હવે કોરોના સામે થોડી પણ બેદરકારી દાખવશે તો અત્યારસુધીની ઉપલબ્ધિ સામે હારી જવાશે. આથી કોરોનાની ગાઈડલાઈન અમલી બનવાવી જ હિતાવહ હોવાનું સૂચન કરવામાં આવ્યું છે.

રાજધાની દિલ્હી અને આસપાસના એનસીઆર વિસ્તારોમાં વધી રહેલા કોરોનાના કેસોને જોતા ઉત્તર પ્રદેશની યોગી સરકારે લખનઉ સહિત ૭ જિલ્લામાં માસ્ક ફરજિયાત કરી દીધા છે. જે જિલ્લાઓમાં માસ્ક ફરજિયાત બનાવવામાં આવ્યા છે તેમાં લખનઉ ઉપરાંત ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, હાપુડ, મેરઠ, બુલંદશહર અને બાગપતનો સમાવેશ થાય છે.કોરોનાના કેસ ઓછા થયા બાદ ઉત્તર પ્રદેશે ૧ એપ્રિલથી જાહેર સ્થળો પર ફરજિયાત માસ્ક નાબૂદ કરી દીધા હતા. પરંતુ હવે ફરીથી માસ્ક ફરજિયાત કરવામાં આવ્યા છે. માસ્ક ન પહેરવા બદલ ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. સીએમ યોગીએ અધિકારીઓને કોવિડ પ્રોટોકોલનું કડક પાલન કરવાનો આદેશ આપ્યો છે. માસ્કની અનિવાર્યતાની સાથે સાથે હવે ફરીથી કોરોનાનું માસ ટેસ્ટિંગ પણ શરૂ કરવામાં આવી રહ્યું છે. લખનઉમાં હવે દિલ્હી, એનસીઆર, નોઈડા, ગાઝિયાબાદ, હરિયાણા અને મહારાષ્ટ્રથી આવનારા મુસાફરોને એરપોર્ટ, બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશનો પર કોરોના માટે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને મેડિકલ યુનિવર્સિટીઓમાં પણ કોરોના ટેસ્ટ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. લખનઉમાં પોઝિટિવિટી રેટમાં વધારો થયા બાદ પ્રશાસને કોન્ટેક્ટ ટ્રેસિંગ વધારવાની સૂચના પણ આપી દીધી છે. આ ઉપરાંત સામુહિક આરોગ્ય કેન્દ્રને શંકાસ્પદોની તપાસ માટે મેડિકલ ટીમો અને વાહનો પણ આપવામાં આવશે.

## સતત પડતી મુદત સાથે હવે ઓનલાઈન હિયરીંગ ખામીથી અદાલતોમાં પેન્ડીંગ કેસ વધ્યા

નવીદિલ્હી,

દેશની અદાલતોમાં લાખો, કરોડો પેન્ડીંગ કેસ માટે દરેક કેસમાં જે રીતે વારંવાર સુનાવણી મુલત્વી રાખવામાં આવે છે તેને તથા કોરોનાના સમયગાળામાં જે રીતે કનેકટીવીટીના અભાવે દેશની અદાલતો કામકાજ કરી શકી નથી તેને સુપ્રીમ કોર્ટે જવાબદાર ગણાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યુ કે તેની પાસે ૭૦૦૦૦ પેન્ડીંગ કેસ છે. એક સુનાવણી સમયે સર્વોચ્ચ અદાલતે કહ્યું કે કોરોનામાં અદાલતો ફીઝીકલ મોડ પછી ઓનલાઈન હીયરીંગ મોડમાં ગઈ હતી અને તેમાં કનેકટીવીટી સહિતના કારણે સુનાવણીઓ થઈ શકી ન હતી તેના કારણે પણ કેસ પેન્ડીંગ રહ્યા હતા. ઉપરાંત દેશમાં દરેક કેસમાં દરેક તબકકે સુનાવણીઓમાં અનેક કારણોથી મુદત પડે છે તેનાથી કેસની ઝડપ વધતી નથી જયારે નવા કેસ દાખલ થાય છે તેથી પણ કેસ પેન્ડીંગ રહે છે.

## યુનાઈટેડ કિંગડમના પ્રધાનમંત્રી ૨૧ એપ્રિલે એક દિવસના ગુજરાત પ્રવાસે આવશે

અમદાવાદ,

યુનાઈટેડ કિંગડમના પ્રધાનમંત્રી એક દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. પીએમ બોરિસ જ્હોનસન ૨૧ એપ્રિલે અમદાવાદના મહેમાન બનશે. તેના માટે ચુસ્ત બંદોબસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પીએમ બોરિસ જ્હોનસન સવારે ૮ કલાકે અમદાવાદ એરપોર્ટ આવશે. જ્યાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદ એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરશે. ત્યારબાદ ૧૧ વાગે હાલોલમાં ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના કાર્યક્રમમાં હાજરી આપશે. બપોરે ગિફ્ટ સિટીમાં મહત્વના રોકાણ અંગે જાહેરાત થઈ શકે છે. ત્યારબાદ બોરીસ જ્હોનસન બપોરે ૩ કલાકે ગાંધી આશ્રમની મુલાકાત લેશે. મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાર્પણ કરી, ચરખો કાંતશે. અને સાંજે જ બોરીસ જ્હોનસન દિલ્લી જવા રવાના થશે.

મહત્વનું છે કે, બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસનન તેમનો ભારત પ્રવાસ ગુજરાતથી શરૂ કરી રહ્યા છે. બોરિસ જોનસન ગુજરાત આવનારા પ્રથમ બ્રિટિશ પીએમ છે. તેઓ એક અગ્રણી ઉદ્યોગપતિ સાથે બેઠક કરશે. વિદેશ મંત્રાલયે રવિવારે કહ્યું કે વડાપ્રધાન તરીકે આ તેમની પ્રથમ ભારત મુલાકાત હશે. બે દિવસીય બેઠક દરમિયાન બ્રિટિશ વડાપ્રધાન ૨૧ એપ્રિલે પહેલા અમદાવાદ આવશે અને ત્યારબાદ ત્યાંથી દિલ્હી જવા રવાના થશે. મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુકેના વડાપ્રધાન વેપાર, સંરક્ષણ અને યૂક્રેન સંકટ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. વડાપ્રધાન રોડમેપ ૨૦૩૦ના અમલીકરણની સમીક્ષા કરશે અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા વિશે વાત કરશે એમ મંત્રાલયે જણાવ્યુંહતું. વડાપ્રધાન જ્હોન્સનનું રાષ્ટ્રપતિ ભવન ખાતે સ્વાગત કરવામાં આવશે અને ૨૨ એપ્રિલે વડાપ્રધાન સાથે દ્વિપક્ષીય પરામર્શ કરશે. નવી દિલ્હીમાં સત્તાવાર વ્યસ્તતાઓ ઉપરાંત, યુકેના વડાપ્રધાન ૨૧ એપ્રિલે ગુજરાતની પણ મુલાકાત લેશે.

## વસિયતમાં લખાયુ હોય તો પરિવાર સિવાયની વ્યક્તિ સંપતિમાં હકકદાર

નવીદિલ્હી,

સંપતિ માલિક વસિયતમાં પરિવાર સિવાયની કોઈ વ્યક્તિને મિલ્કત આપી શકે છે અને આ સંજોગોમાં કુટુંબ સિવાયની વ્યક્તિને પણ સંપતિમાં ભાગ મળી શકતો હોવાનો મહત્વનો ચુકાદો સર્વોચ્ચ અદાલતે આપ્યો છે. બીજા પત્નીને સંપતિ આપવાની વસીયતને અદાલતે માન્ય રાખીને ચેન્નઈ હાઈકોર્ટના આદેશને ફગાવી દીધો હતો.

આ કેસમાં સરોજા અજમાલ નામની એક મહિલાએ લોકલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. મુનિસામી ચેટીયારની પત્ની હોવાના નાતે પતિએ વસિયતમાં પોતે સંપતિ આપી હતી. પુરાવાઓને આધારે લોકલ કોર્ટે દાવો માન્ય રાખ્યો છે. પરંતુ મુનિસામીના સંતાનોએ તે સામે મદ્રાસ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. કેસ જીતનાર મહિલા અન્ય વ્યક્તિની પત્ની હોવાનું તથા તેને બે સંતાનો પણ હોવાનું માનીને હાઈકોર્ટે લોકલ અદાલતનો ચુકાદો ફગાવી દીધો હતો અને વસિયતનો લાભ મળી ન શકે તેવો ચુકાદો આપ્યો હતો.

હાઈકોર્ટના આ આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે એમ કહ્યું કે કઈ વ્યક્તિને અન્ય સાથે કયા સંબંધ છે તે જોવાનું નથી. પરંતુ વસિયતનું લખાણ જોવાનુ છે. પરિવારની બહારની વ્યક્તિને સંપતિ ન આપી શકે તેવો કોઈ કાયદો નથી. વસિયત સાચી હોવાથી સંપતિ દાવો કરનારને આપવી પડે. મદ્રાસ હાઈકોર્ટના દાવાને રદ કરીને સુપ્રીમ કોર્ટે ટ્રાયલ અદાલતનો ચુકાદો માન્ય રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં એમ પણ કહ્યું કે વસિયત કરનાર હિન્દુ અવિભાજીત પરિવારના મોભી વારસાગત સંપતિ ધાર્મિક કાર્ય માટે પણ આપી શકે છે. પ્રેમ-મોહમ્મતના માટે પૈતૃક સંપતિ આપી ન શકે પરંતુ ધાર્મિક કાર્ય માટે ગીફટ કરી શકે છે.

## એક પછી એક પેપરો ધાણીની જેમ ફૂટી રહ્યા છે, સુરતની વીર નર્મદ યુનિ વિવાદમાં આવી

સુરત,

ગુજરાતમાં પેપર લીક કાંડ અટકવાનું નામ જ નથી લઈ રહ્યો. એક બાદ એક પેપરો ફૂટી રહ્યાં છે. મળતા અહેવાલ પ્રમાણે બુધવારે બેચરલ ઓફ કોમર્સના છઠ્ઠા સેમેસ્ટરનું પેપર ફૂટ્યું છે. વીર નર્મદ યુનિવર્સિટીમાં બુધવારે ઈકોનોમીક્સના પેપરના એક કલાક પૂર્વે જ આ પેપર ફૂટતા સમગ્ર તંત્રમાં દોડધામ મચી ગઈ છે. પરીક્ષાના એક કલાક પહેલાં જ સેનેટ સભ્યની ફરિયાદને આધારે યુનિવર્સિટીએ પરીક્ષા રદ કરવાની ફરજ પડી છે. સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું બીકોમનું પેપર ફુટ્યું છે. સુરતની વાડિયા વીમેન્સ કોલેજમાંથી બીકોમ સેમેસ્ટર-૬નું ઈકોનોમિક્સનું પેપર ફૂટયું હોવાનો સેનેટ સભ્ય ભાવેશ રબારીએ દાવો કર્યો છે. મંગળવારે રાત્રે પેપર લીક થયું હોવાનો ભાવેશ રબારીએ આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે પેપર ફોડનારા તત્તવો સામે કડક કાર્યવાહી કરાશે. પેપર લીકના આક્ષેપ વચ્ચે કુલપતિએ આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય આગામી પાંચ બાકી વિષયોના પેપરો પણ રદ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. પેપર લીકના આક્ષેપ વચ્ચે કુલપતિએ આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય આગામી પાંચ બાકી વિષયોના પેપરો પણ રદ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જોકે વીસીએ પેપર ફૂટ્યાંના દાવાને નકાર્યો હતો અને કહ્યું હતુ કે પ્રશ્નપત્રના પેપર ભૂલથી ખુલી જતા પેપર રદ કરવામાં આવ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓ પાસે ઈકોનોમિક્સ સેમેસ્ટર-૬ના સવાલો ફરતા થયા હતા. પરીક્ષા ચાલી રહી હતી તે દરમ્યાન વિદ્યાર્થીઓને પેપર લીક થઈ ગયું છે તેની માહિતી પરીક્ષક દ્વારા આપવામાં આવી હતી. અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું હતું કે પરીક્ષા રદ કરવામાં આવી છે. બીજી તરફ એક કલાકથી પણ વધુ સમય વિત્યો હતો અને જાણ કરવામાં આવી હતી કે પેપર લીક થયું છે અને વિદ્યાર્થીઓએ પેપર લખવાનું બંધ કર્યું અને પરીક્ષા રદ કરવામાં આવી હતી.

# મહીસાગર માતાના જળ નાની સરસણ ભીલોડિયા તલાવામાં પ્રવેશ્યા

લુણાવાડા,

આ આનંદને ધન્ય ઘડીએ ગામ લોકોમાં અનેરા ઉત્સાહની લહેર ફરી વળી છે. લોકલાડીલા માન્ય વડાપ્રધાન આજે દાહોદની ગણે છે. જ્યારે ગામના ઘણા યુવાનો દાહોદ ગયા છે. આ આનંદને ધન્ય ઘડીને બતાવવાની તક ગામની મહિલાઓએ ડપી. સરસણ વિસ્તારના આ ભીલોડીયા તળાવમાં દુષ્કાળનાં વર્ષોમાં છેલ્લા વર્ષોથી પાણી ટપકું રહેતું નથી. પરિશ્રમી મહેનતું ખેડૂતોની મહેનત ફળીભુત થતી નથી. આકાશી ખેતી પર આધારિત ખેડૂતો નિરાશ જોવા મળે છે. આ વેદનાને વાચા આપવા માટે સરકાર સમક્ષ આ વિસ્તારના અગ્રણી મનહરભાઈ પંચાલ અને શિવાભાઈ પટેલે જાણે રીતસર ઝુંબેશ ઉપાડી. ભારતીય જનતા પક્ષના નાનાથી મોટા તમામ કાર્યકરો આ ઝુંબેશમાં પોઝિટિવ રીતે જોડાયા. જનતા જનાર્દનને માગણીને વહેલી તકે પુરી કરવા માટે અધિકારીઓ પણ તત્પર બન્યાં.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લોકલાડીલા માન્ય સંસદસભ્ય જસવંતસિહ ભાભોર એવાજલ લોકલાડીલા ધારાસભ્ય અને મા. રાજયકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીંડોર, મંત્રી નિમિષાબેન સુથાર, જે.પી. પટેલ, દશરથ બારીયા ઉચ્ચ અધિકારી વર્ગ નો સહકાર મલ્યો અને સ્વપન ફળ્યું ધન્યવાદ છે અનંત અભિનંદન છે. આ ભાજપની વિકાસને વરેલી સરકારને આનંદની ઘડીને ખેડુતોની દિકરીઓએ મહિસાગરના નિતર્યા નીરની વધામણી કરી હતી. અબીલ ગુલાલ કંકુ ચોખા અને ફળ અને પુષ્પવર્ષા કરી માતાને મનામણાં કર્યાં હતાં.

પ્રાસંગિક પ્રવચનમાં અગ્રણી મનહરભાઈ પંચાલે લોકલાડીલા વડાપ્રધાન આજે જ્યારે દાહોદમાં આવે છે. ત્યારે સોનામાં સુગંધની જેમ આ પ્રસંગને ખુશીનો યાદગાર ગણાવ્યો હતો. અગ્રણી શિવાભાઈ પટેલે પણ આ ભગીરથ કાર્યમાં મદદરૂપ થનારા સૌ કોઈને અભિનંદન આપ્યાં હતાં.

મહિ માતાના પ્રેમથી વધામણા કર્યા પછી કળશ અને ઘડા ભરી આ જળને ભક્તે ભેટ ભીલોડીયા પર લાવવામાં આવ્યું. અહીં નીલકંઠવર્ણી અને ભોળા શંભુની મૂર્તિઓને અભિષેક કરવામાં આવ્યો.

ગામની મહિસાગરને આરે ઢોલ વાગે છે. આ ઉપરાંત દેશી પ્રાચીન ગરબીઓ ગાઈને ગરબે ઘુમી આનંદ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કૈલાસબેન પટેલ અશોકભાઇ પ્રજાપતિ વિગેરે એ તેમની ટીમ સાથે મહેનત કરી હતી.

સરકારની આ વહેતી ગંગા જેવી લોકકલ્યાણકારી યોજનાને સાથ સહકાર અને સંયમથી જ સફળ બનાવી શકાય. એવો સૂર અત્રે સંભળાયો હતો.

## હાલોલ ખાતે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ

# ડો.પ્રશાંત કોરાટની આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત પરિભ્રમણ યાત્રાનું ભવ્ય સ્વાગત

હાલોલ,

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાની ખુશીમાં છેલ્લા કેટલાય સમયથી સમગ્ર દેશભરમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને સંગઠન દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અંતર્ગત સમગ્ર ગુજરાત ખાતે પણ રાજય સરકાર સહિત ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાઈ રહ્યું છે. જેમાં ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના મોવડી મંડળની સુચના અને માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો.પ્રશાંત કોરાટની અધ્યક્ષતા સમગ્ર ગુજરાતની યાત્રા કરતી એક વિશાળ બાઈક રેલી આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર ગુજરાત ખાતે પરિભ્રમણ કરી રહી, જેમાં ૩૪૦૦ કિલોમીટર ઉપરાંતનું ભ્રમણ કરી આ વિશાળ બાઈક રેલી બુધવારના રોજ ડો. પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં હાલોલ નગર ખાતે આવી પહોંચતા નગર ખાતે ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા ડો. પ્રશાંત કોરાટ સહિત બાઈક રેલીમાં સામેલ તમામ લોકોનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય જનતા પાર્ટીના હાલોલ શહેરના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા ડો. પ્રશાંત કોરાટનુ ફુલહારથી સ્વાગત કરી ભારે આતશબાજી સાથે અભિવાદન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ યુવા મોર્ચાના યશસ્વી પ્રમુખ પ્રશાંતભાઈ. કોરાટ પુર્વ પ્રમુખ સચીનભાઈ શાહ, પુર્વ મહામંત્રી તપનભાઈ ઠક્કર તથા હાલોલ નગર પાલીકાના પુર્વ પ્રમુખ, ભારતીય જનતા પાર્ટીના જીલ્લા પુર્વ ઊપપ્રમુખ સુભાષભાઈ પરમાર, બક્ષી પંચ મોરચો પુર્વ ઊપપ્રમુખ હાલોલ તાલુકા રતીલાલ બારીઆ, ચીરાગભાઈ પરમાર(નગર પાલીકા કોરપોરેટર, નયલુ ચૌહાણ, નગીનભાઈ બારીઆ, દીનેશભાઈ, હીરાભાઈ સૌ યુવા કાર્યકર્તા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

દાહોદ ખાતે સંતરામપુરના રાજયકક્ષાના મંત્રી કુબેર ડીંડોર દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સાફો પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં એક કલાકમાં સરેરાશ ૨૦૦ નાગરિકો પાસપોર્ટ માંગી રહ્યા છે

અમદાવાદ,

કોરોના મહામારીએ દેશ અને દુનિયામાં તમામ ગતિવિધીઓને બ્રેક મારી દીધી હતી. હવે ભારત અને કેટલાક દેશોમાં કોરોના મહામારી થોડી કાબુ થઈ છે અને જનજીવન પણ ધીમે ધીમે પાટે ચડી રહ્યું છે ત્યારે લોકોને ફરી વખત ઉડવાની ઈચ્છા થઈ રહી છે. કોવિડ ૧૯ના કારણે વિમાનોની યાત્રાઓ અને વિદેશ પ્રવાસ પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. જે પ્રતિબંધ હવે હટાવી લેવાયો છે. ટ્રાવેલ રીસ્ટ્રીકશનમાં છૂટ આપવામાં આવી કે તરત જ અમદાવાદની રીજનલ પાસપોર્ટ ઓફિસમાં આ વર્ષે માર્ચ મહિનામાં ૫૬,૯૨૪ પાસપોર્ટ અરજીઓ મળી છે. જે કોરોનાકાળ પહેલાની તુલનાએ ત્રણ ગણી છે. આમ સરેરાશ એક કલાકમાં ૨૦૦ લોકો પાસપોર્ટ માગી રહ્યા છે.




કોરોનાકાળ પહેલા માર્ચ ૨૦૧૯માં ૫૫૦૦૦ પાસપોર્ટ માટેની અરજીઓ મળી હતી. જે કોવિડ-૧૯ના સમયમાં એટલેકે માર્ચ ૨૦૨૦માં ઘટીને ૩૪,૮૦૦ થઈ હતી. માર્ચ ૨૦૨૧માં આ ૩૯,૭૦૦ અરજીઓ મળી હતી અને હવે ટ્રાવેલ માટે છૂટ મળતા માર્ચ ૨૦૨૨માં ૫૬,૯૨૪ અરજીઓ પ્રાપ્ત થઈ છે. એક અંગ્રેજી અખબારને રીજનલ પાસપોર્ટ ઓફીસના અધિકારી વ્રેન મિશ્રાએ પાસપોર્ટ માટેની અરજીઓમાં થયેલા વધારા વિશે વાત કરતા જણાવ્યું હતું કે, આખા દેશમાં પાસપોર્ટ માટેની અરજીઓમાં વધારો થયો છે. દેશમાં માર્ચ ૨૦૨૨ સુધીમાં ૧૨.૮૦ લાખથી વધુ અરજીઓ આવી છે. જે લોકો વિદેશમાં તેના સ્નેહીઓને મળવા જઈ શક્યા નથી તેઓ હવે પ્રતિબંધ ઉઠાવાતા એકબીજાને મળવા માટે વિદેશ જઈ રહ્યા છે. સાથે સાથે સમર વેકેશન માટે પણ લોકો વિદેશની પસંદગી કરી રહ્યા છે અને તેના માટે સતત પાસપોર્ટ અરજીમાં વધારો થઈ રહ્યો છે ઉપરાંત વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે જઈ રહ્યા છે. આવેલી અરજીઓમાંથી ૪૦ ટકા વિદ્યાર્થીઓની અરજીઓ છે, જેઓ વિદેશ જુદા જુદા કોર્સ માટે જઈ રહ્યા હોવાનું અધિકારીએ ઉમેર્યું હતું.

વધુ વાત કરતા અધિકારીએ જણાવ્યું હતું કે અમદાવાદ રીજનલ ઓફિસમાં કર્મચારીઓ રજાના દિવસોમાં પણ કામ કરી રહ્યા છે અને તેમને એક દિવસમાં ૧૫૦૦થી વધુ અરજીઓનો નિકાલ કરવાની કોશિશ કરી રહ્યા છે. આરપીઓનાં એપ્લિકેશન ડેટા અનુસાર, પાસપોર્ટ અરજીઓ જાન્યુઆરી ૨૦૨૨માં લગભગ ૩૯,૦૦૦ પ્રાપ્ત થઈ હતી. તે વધીને ફેબ્રુઆરીમાં લગભગ ૪૫,૫૦૦ થઈ ગઈ. જે ૨૦૧૯ જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં અનુક્રમે લગભગ ૫૭,૦૦૦ અને ૫૩,૦૦૦ અરજીઓ પ્રાપ્ત થઈ હતી.

# બજાર માંથી અનાયશ બનાવટી નોટ ન આવી જાય તેનું ગ્રાહક અને વેપારી ધ્યાન રાખવું જરૂરી

હાલોલ,

હાલમાં લગભગ દરેક મોટા શહેરો અને મહાનગરોમાં રૂ. ૨૦૦૦, રૂ. ૫૦૦, રૂ. ૨૦૦ તથા રૂ. ૧૦૦ની જાલી નોટો બજારમાં મોટા પાયા પર ફરી રહી છે અને આ જાલી નોટો ભારતમાં ઘુસાડવા માટેનું બહુ મોટુ અને વ્યવસ્થિત નેટવર્ક કામ કરે છે. ભારત દેશના અર્થતંત્રને ખોખલું બનાવવા માટેની, આપણા વિરોધી દેશોની સાઝિશ અને ગહેરી ચાલ છે. ભારતના તમામ નાના મોટા રાજ્યોમાં એટલા બહોળા પ્રમાણમાં નકલી નોટો ફરતી થઈ ગઈ છે કે, કોની પાસે સાચી અને કોની પાસે ફર્જી નોટો છે એ ઓળખવું બહુ મુશ્કેલ કાર્ય બની ગયું છે.

હવેના આધુનિક ટેકનોલોજીના જમાનામાં એવા ઉપકરણો શોધાયા છે. તેથી આબેહૂબ નકલી નોટો આસાનીથી બનાવી શકાય છે. આમ થવાથી બેંકના કેશિયરો પણ નકલી નોટો ઓળખવામાં ક્યારેક થાપ ખાઈ જાય છે. બીજુ બેંકોની નીતિ પણ એવી છે કે, જો ભુલથી કોઈ ગ્રાહકના ભરણામાં જાલી નોટ નીકળે તો જાણે ગ્રાહકે બહુ મોટો ગુનો કર્યો હોય એવો એની સાથે વર્તાવ કરવામાં આવે છે. ગ્રાહકને જાતજાતના પ્રશ્નો પૂછી પરેશાન કરવામાં આવે છે અને નકલી નોટોને બાળી નાંખવાની સલાહ આપવામાં આવે છે. આમાં ગ્રાહકનો કોઈ વાંક નથી, છતાં એને વગર વાંકે દંડાવુ પડે છે. સરકારના નાણાં મંત્રાલયે આ બાબતે ઘટતું કરી જાલીનોટોના કારનામા ચલાવનાર અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવી જોઈએ અને એમને આકરામાં આકરી સજા થાય એવા પગલાં ભરવા જોઈએ. હાલમાં તો ગ્રાહકની ખોદે ઊંદર અને ભોગવે ભોરિંગ જેવી હાલત થાય છે.

# આપની આજ.......

મેષ : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો છેલ્લા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે.

વૃષભ : આજે વૃષભ રાશિના જાતકો નિર્ભયતાથી કાર્યો પાર પાડી શકશે. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે. સાંજથી રાત સુધીમાં મુસાફરીની શક્યતા બની રહી છે. આજે તમે નીડર રહેશો.

મિથુન : આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા ભારે પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. ગુરુ એ નિયમનો પ્રતિનિધિ છે, તેથી નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો. શુભ ખર્ચા વધશે.

કર્ક : જો તમે વિદ્યાર્થી છો, તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે, સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે. પરંતુ ચિંતા કરશો નહીં, કંઈક એવું બનશે કે તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો. માતાપિતા, ગુરુ પ્રત્યેની નિષ્ઠા, ભક્તિ તમારી પ્રતિષ્ઠા વધારવામાં મદદ કરશે.

સિંહ : આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. તમારી વર્તણૂક સાથે આ ધ્યાનમાં રાખો અને ભોજનમાં ધ્યાન રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો. બુદ્ધિથી લીધેલા નિર્ણયો ફાયદાકારક રહેશે.

કન્યા : આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. સ્થાયી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. તમારા પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના હશે. સાંજના સમયે તમારી માતાના શારીરિક દર્દને લીધે તમને થોડી તકલીફ થશે.

તુલા : આજે તમારે નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક વસ્તુઓ પર ખર્ચા વધુ થશે. શત્રુઓ તેમના કાવતરામાં સફળ થઈ શકશે નહીં.

વૃશ્ચિક : આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે. કરિયરમાં તમને મિત્રોનો સહયોગ પણ મળશે.

ધનુ : આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે. જૂના રોકાયેલા કાર્યો થોડો ખર્ચ કરીને પૂરા કરી શકાય છે.

મકર : આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે. નોકરીમાં ગુપ્ત દુશ્મનો હેરાન કરશે જે સાંજે મુશ્કેલીનું કારણ બની શકે છે.

કુંભ : આજે આવકથી વધુ ખર્ચા થશે. બાળકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્ય દ્વારા તમારું માન વધારશે. તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

મીન : આજે તમને પૂર્વજો તરફથી પૈસા મળવાની સંભાવના છે. આજે મંત્ર-તંત્રમાં તમારી રુચિ વધી શકે છે. પૂછ્યા વિના કોઈને સલાહ ના આપો, તેની વિપરિત અસર પડશે. રાત્રે તમે શુભ કામ કરવામાં વ્યસ્ત રહેશો, જે તમારું મન શાંત અને પ્રસન્ન રાખે છે.

# ભીષણ ગરમીથી મળશે રાહત! આગામી ૨૪ કલાકમાં દિલ્લી સહિત ઘણા રાજ્યોમાં વરસાદની સંભાવના

નવીદિલ્હી,

આગ ઝરતી ગરમીમાં શેકાઈ રહેલા લોકો માટે રાહતના સમાચાર છે કારણકે આગામી ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા, દિલ્લીમાં ગાજવીજ સાથે ધૂળ ભરેલી આંધી અને હળવા વરસાદની સંભાવના છે. પૂર્વોત્તર ભારત, તમિલનાડુના આંતરિક ભાગો અને કેરળમાં ઘણી જગ્યાએ હળવા વરસાદની સંભાવના છે. ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ પંજાબ, હરિયાણા, દિલ્લી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઝારખંડના પૂર્વ ભાગો અને બિહાર સાથે-સાથે પશ્ચિમ બંગાળના અમુક ભાગોમાં ગાજવીજ સાથે ધૂળ ભરેલી આંધી અને હળવો વરસાદ પડવાની સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યુ છે કે ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાના, આંતરિક કર્ણાટક, છત્તીસગઢ અને આંધ્રપ્રદેશના દક્ષિણ ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની સંભાવના છે. દેશના ઘણા ભાગોમાં પ્રી-મોનસુન ગતિવિધિઓને જોતા, તાપમાન અમુક હદ સુધી ઘટી શકે છે. આગલા ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા, દિલ્લી, ઉત્તર રાજસ્થાન, મધ્ય પ્રદેશના અમુક ભાગો, વિદર્ભ અને ઝારખંડના અલગ-અલગ ભાગોમાં લૂની સ્થિતિ સંભવ છે અને ત્યારબાદ આમાં કમી આવી શકે છે.

દિલ્લીમાં લૂનો પ્રકોપ ઘટવાની સંભાવના ભારતીય હવામાન વિભાગે જણાવ્યુ છે કે દિલ્લીમાં સાત દિવસથી લૂનો પ્રકોપ ચાલુ છે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ અને આ ક્ષેત્રમાં વાદળો છવાયેલા રહેવાના કારણે લૂનો પ્રકોપ ઘટવાની સંભાવના છે. આઈએમડી મુજબ રાષ્ટ્રીય રાજધાનીમાં ૨૨ એપ્રિલ સુધી અમુક જગ્યાએ હળવો વરસાદ થવા અને ૨૫-૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાનુ અનુમાન છે. સ્કાઈમેટ વેધરના રિપોર્ટ મુજબ ૨૨ અને ૨૩ એપ્રિલ આસપાસ ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે માટે થોડી રાહત મળી શકે છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કેવુ રહ્યુ હવામાન ભીષણ ગરમી વચ્ચે છેલ્લા ૨૪ કલાક દરમિયાન કર્ણાટક અને કેરળના અમુક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે છૂટાછવાયો ભારે વરસાદ થયો. આંતરિક તમિલનાડુ, તટીય કર્ણાટક, સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશમાં છૂટાછવાયો હળવો વરસાદ થયો અને બાકી પૂર્વોત્તર ભારત, લક્ષદ્વીપ અને દક્ષિણ છત્તીસગઢમાં હળવો વરસાદ થયો. ઉત્તર પશ્ચિમી રાજસ્થાન અને હિમાચલ પ્રદેશના અલગ-અલગલ ભાગોમાં ભીષણ લૂની સ્થિતિ બનેલી છે.

# પ્રશાંત કિશોરે સોનિયા ગાંધી સહિત કોંગ્રેસ નેતાઓ સામે પ્રેઝન્ટેશન રજૂ કર્યું



નવીદિલ્હી,

પ્રશાંત કિશોર અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની વધુ એક બેઠક શનિવારે થઈ. છેલ્લા ૧૦ મહિનામાં આ બીજીવાર છે જ્યારે પ્રશાંત કિશોરની કોંગ્રેસના દિગ્ગજ નેતૃત્વ સાથે મુલાકાત થઈ છે. અગાઉ ગયા વર્ષે જુલાઈમાં તેઓ રાહુલ, પ્રિયંકા અને સોનિયા ગાંધીને મળ્યા હતા પરંતુ તે સમયે ના તો કોંગ્રેસ પાર્ટીએ અને ના પ્રશાંત કિશોરએ આ વિશે કોઈ સત્તાકીય નિવેદન જારી કર્યુ હતુ. પરંતુ આ વખતની મુલાકાત અલગ છે. કોંગ્રેસએ આ વખતે સત્તાકીય નિવેદનમાં આ વાતનો સ્વીકાર કર્યો છેકે ૨૦૨૪માં થનારી ચૂંટણીને લઈને પ્રશાંત કિશોરએ એક પ્રેઝન્ટેશન સોનિયા ગાંધી અને બાકી કોંગ્રેસ નેતાઓના સામે રજૂ કર્યુ છે.

ગયા વર્ષે જુલાઈ અને આ વર્ષે એપ્રિલમાં થયેલી બંને મુલાકાત વચ્ચે એક નિવેદન તેમણે ગયા વર્ષે ઓક્ટોબરમાં પણ આપ્યુ હતુ અને કોંગ્રેસ માટે કહ્યુ હતુ, નેતા એ ભ્રમમાં ના રહે કે લોકો મોદીથી નારાજ છે અને તેઓ મોદીને હરાવી દેશે. થઈ શકે છે કે તેઓ મોદીને હરાવી દે પરંતુ ભાજપ ક્યાંય જઈ રહી નથી. પાર્ટી આગામી કેટલાક દાયકા સુધી રાજનીતિમાં રહેશે. રાહુલ ગાંધીની સાથે કદાચ આ સમસ્યા છે કે તેમને લાગે છે કે સમયની વાત છે, લોકો આપને સત્તાથી નીકાળી ફેંકશે. એવુ થવાનુ નથી.

તેમણે આગળ કહ્યુ, જ્યાં સુધી આપ મોદીને સમજશો નહીં, તેમની તાકાતને સમજશો નહીં આપ તેમને હરાવવાની રણનીતિ તૈયાર કરી શકશો નહીં, હુ જે સમસ્યા જોઈ રહ્યો છુ તે એ છે કે લોકો ના તો તેમની તાકાત સમજી રહ્યા છે અને ના એ કે તે શુ વાત છે જે તેમને પોપ્યુલર બનાવી રહી છે. જ્યાં સુધી આપ એ જાણશો નહીં, આપ તેમને હરાવી શકશો નહીં.

તે આટલે થી રોકાયા નહીં. તેમણે ભાજપ વિશે કહ્યુ, ભાજપ ભારતીય રાજનીતિનુ કેન્દ્ર બની રહેવાની છે. તે જીતે કે હારે ફરક પડતો નથી. જેવુ કોંગ્રેસ માટે ૪૦ વર્ષ સુધી હતુ તેવુ જ ભાજપ માટે પણ છે, તે ક્યાંય જઈ રહી નથી. જો આપે રાષ્ટ્રીય સ્તરે ૩૦ ટકા વોટ પ્રાપ્ત કરી લીધા છે તો આપ સરળતાથી જઈ શકશો નહીં. પ્રશાંત કિશોર અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ વચ્ચેની બેઠકને તેની ઉપર લખેલા નિવેદનને ધ્યાનમાં રાખતા પણ જોવાની જરૂર છે.

# વડોદરા : નર્મદાની મુખ્ય કેનાલમાંથી યુવક-યુવતીના મૃતદેહો મળ્યા

હાલોલ,

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ગડીત ગામ નજીકથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં કમરે દુપટ્ટા વડે બંધાયેલા યુવક અને યુવતીના મૃતદેહ મળ્યા છે. વડોદરા ફાયર લાશ્કરોએ એક કલાકની જહેમત બાદ મૃતદેહોને બહાર કાઢ્યા હતા. આ દરમિયાન સ્થળ પર દોડી ગયેલી હાલોલ રૂરલ પોલીસે મૃતદેહોનો કબજો લઈને વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, આ મૃતદેહો પહેલાં વાઘોડિયા તાલુકાના રામેશરા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં દેખાયા હતા. પરંતુ, ફાયર બ્રિગેડની ટીમ રામેશરા પહોંચે તે પહેલાં બંને મૃતદેહો પાણીના પ્રવાહમાં હાલોલ પાસે ગડીત ગામ પાસે પહોંચી ગયા હતા.

વાઘોડિયા તાલુકાના રામેશરા નજીકથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં યુવક અને યુવતીનો કમરથી દુપટ્ટા સાથે બાંધેલી હાલતમાં મૃતદેહો તણાતા નજરે ચડતાં ચકચાર મચી ગઈ છે. આ બનાવના પગલે મોટી સંખ્યામાં ગ્રામજનોના ટોળેટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા. ઘટના અંગેની જાણ વડોદરા ફાયર બ્રિગેડને થતાં લાશ્કરો સ્થળ પર દોડી ગયા હતા અને હાલોલ ગામ પાસે ગડીત ગામ પાસેથી બંનેના મૃતદેહને બહાર કાઢ્યા હતા. આ અંગે ફાયર ઓફિસર જશુભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, યુવક યુવતીની લાશ રામેશરા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં પાણીમાં તણાઈ રહી હોવાનો મેસેજ મળતાં અમે સ્થળ પર પહોંચી ગયા હતા અને બંને મૃતદેહોને હાલોલ નજીક ગડીત ગામ પાસેથી પાણીમાંથી બહાર કાઢ્યા છે.

દુપટ્ટા વડે બંને કમરથી એકબીજા સાથે બંધાયેલા હતા. તેઓની ઉમર આશરે ૩૫થી ૪૦ વર્ષની છે. તેઓએ ત્રણ ચાર દિવસ પહેલાં કેનાલમાં પડતું મૂક્યું હોવાનું લાગી રહ્યું છે. તેમની પાસેથી કોઈ આધાર પુરાવો મળી આવ્યો નથી. જેથી ઓળખ શક્ય થઈ નથી. આ બનાવ અંગે હદ વાઘોડિયા પોલીસ મથકનો સ્ટાફ પણ દોડી ગયો હતો. પરંતુ, બંનેના મૃતદેહો પંચમહાલના હાલોલ રૂરલ પોલીસ હદમાંથી મળતા હાલોલ પોલીસ ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવી હતી. હાલોલ રૂરલ પોલીસે હાલ અકસ્માતે મોતના કાગળો તૈયાર કરી તપાસ શરૂ કરી છે. જોકે, જ્યાં સુધી બંનેની ઓળખ ન થાય ત્યાં સુધી પોલીસ માટે તપાસ કરવી મુશ્કેલ છે. ઓળખ થયા બાદ ચોંકાવનારી વિગતો બહાર આવશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


### દાહોદ શહેરમાં ચાલી રહેલા હાઈરાઈઝ

## બિલ્ડીંગોના બાંધકામમાં ગેરીરીતિઓ આચરાઈ હોવાની આશંકા : ચીફ ઓફિસર દ્વારા આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવામાં ઠાગાઠૈયા

દાહોદ,

દાહોદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં હાઈરાઈઝ બિલ્ડિંગોના નિર્માણ થઈ ગયો છે. જેમાં ટીપી સ્કીમના નિયમોને નેવે મૂકી બાંધકામો ચાલી રહ્યા હોવાનું સામે આવ્યું છે. શહેરના ગોદીરોડ, ગોવિંદનગર, ચાકલીયા રોડ સહિતના વિસ્તારોમાં મોટા પાયે હાઈ રાઈઝ બિલ્ડિંગનું નિર્માણ ચાલી રહ્યું છે. જેમાં બિલ્ડરો દ્વારા નગરપાલિકા તંત્ર પાસે મંજૂરીનો લીધી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. બિલ્ડરો દ્વારા નિર્માણાધીન બિલ્ડીંગોમાં બાંધકામની સુવિધાઓનો અભાવ, ફાયર સેફટીના સાધનોનો અભાવ, સદર બાંધકામો જીરો લેવલે બાંધકામ કર્યુ હોવાનું સામે આવ્યું છે. સદર મામલામાં બિલ્ડરો દ્વારા નિયમોનુસાર પ્રોપર નકશાઓ પાલીકાં તંત્ર રજૂ કરવામાં આવ્યા નથી. તેમજ જે તે વિસ્તારોમાં પૂર જોશમાં ચાલી રહેલા નિર્માણાધીન બિલ્ડિંગોમાં બિલ્ડર દ્વારા માલસામાન રોડ પર જ ડમ્પ કરવામાં આવી રહ્યો છે. તેમ છતાંય નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા જવાબદારો સામે કોઈપણ પ્રકારની નોટિસ ફટકારવામાં આવી નથી તેમજ સમગ્ર મામલામાં કશુ જાણતા ન હોય તેમ ભેદી મૌન સેવી જવાબદારો સામે કાર્યવાહી કરવા ઠાગાઠૈયા કરી રહ્યા હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. જે બાબતે કેટલાક જાગૃત નાગરિકો દ્વારા આ મામલે ઉચ્ચકક્ષાએ રજૂઆતો કરેલ હોવાનું જાણવા મળે છે. ત્યારે ઉપરોક્ત સમગ્ર મામલામાં આગામી સમયમાં મોટા ઘડાકા થાય તેવા એ પણ પ્રવર્તમાન સંજોગોમાં જોવા મળી રહ્યા છે.

## દે.બારીયાના ભથવાડા ટોલબુથ પાસે ફોર વ્હીલ માંથી ૪.૬૯ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસે એક પિક અપ ફોર વીલર ગાડીમાંથી રૂપિયા ૪,૬૯,૮૦૦/- ના પ્રોહીબીશન જથ્થા સાથે પીકપ ગાડી તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૭,૭૨,૮૦૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે. જ્યારે ગાડીમાં સવાર બે ઈસમો ફરાર થઇ જતાં પોલીસે નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગત તારીખ ૧૮મી એપ્રિલના રોજ દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પાસે પોલીસે નાકાબંધી કરી આવતા જતા તમામ નાના મોટા વાહનોની તલાટી હાથ ધરતા હતા. તે સમયે બાતમી માં દર્શાવેલ એક પિક અપ ફોર વીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. જ્યારે પોલીસને જોઈ પીકપ ફોરવીલર ગાડીમાં સવાર બે ઈસમો પોલીસને ચકમો આપી સ્થળ પર ગાડી મૂકી નાશી ગયા હતા. પોલીસે પીકપ ગાડીની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૧૦૮૦ કિંમત રૂપિયા ૪,૬૯,૮૦૦/- ના પ્રોહીબીશન જથ્થા સાથે મોબાઈલ ફોન તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૭,૭૨,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કરી પિપલોદ પોલીસે ફરાર બંને ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### દાહોદમાં રેલવે વર્કશોપમાં લોકો મોટીવ પ્રોડ્કશન યુનિટના

## શીલાન્યાસ કાર્યક્રમને લઈ રેલ મંત્રી તેમજ રેલ રાજ્યમંત્રી સહિત રેલવેના ઉચ્ચ અધિકારીઓએ વર્કશોપનું નિરીક્ષણ કર્યુ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના વરોડ ખાતે પ્રધાનમંત્રીની ઉપસ્તિથીમાં આદિવાસી મહા સંમેલન યોજાયો હતો. જેમાં દાહોદ રેલ્વે કારખાનાને ૨૦ હજાર કરોડના ખર્ચે લોકો મોટીવ પ્રોડકશન યુનિટની આધારસીલા મુકવામાં આવી હતી. આ પ્રસંગે દાહોદ ખાતે પધારેલા રેલ મંત્રી અશ્વિની કુમાર તેમજ રેલ રાજ્ય મંત્રી દર્શના જરદોશ દ્વારા રેલ્વે કારખાનાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

દાહોદ રેલ્વે વર્કશોપમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦ હજાર કરોડના ખર્ચે મેક ઈન ઈન્ડિયા તેમજ મેક ફોર વર્લ્ડ અંતર્ગત ૯૦૦૦ હોર્ષ પાવરના આધુનિક ટેક્નોલોજી ધરાવતા હાઈટિક એન્જીન પ્રોડક્શન યુનિટ સ્થાપવાની જાહેરાત બાદ આજરોજ સ્પેશિયલ ટ્રેન મારફતે રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ રેલરાજ્ય મંત્રી દર્શના જરદોષ રેલ્વે બોર્ડના ચેરમેન વિનય કુમાર ત્રિપાઠી પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર એ.કે લાહોટી રતલામ મંડળના ડી.આર.એમ તેમજ રેલ્વે તંત્રના આલા અધિકારીઓ દાહોદ ખાતે આવી પહોંચ્યા હતા.જ્યાં રેલ મંત્રી અશ્વિની કુમાર વેષ્ણવ દ્વારા પ્રેસ કોન્ફ્રેંસ દરમિયાન પત્રકારોને જણાવ્યું હતુંકે પ્રધાનમંત્રીની દીર્ઘ દ્રષ્ટાં તેમજ દાહોદ પ્રત્યે અમી દ્રષ્ટિના કારણે દાહોદમાં લોકોમોટિવ પ્રોડકશન યુનિટની આધારશીલા મુકવામાં આવી છે. જેમાં આવનારા સમયમાં ૧૨૦૦ જેટલાં અત્યાધુનિક એન્જીનો બનીને તૈયાર થશે જે માત્ર ભારતમાંજ નહીં પરંતુ વિદેશોમાં પણ ખ્યાતિ પ્રાપ્ત કરાવશે.આ યુનિટ સ્થાપ્યા બાદ દાહોદમાં ૧૦ હજારથી વધુ લોકોને રોજગાર પ્રાપ્ત થશે તેમ જણાવ્યું હતું.તેમજ કોરોના કાળમાં બંધ થયેલી ટ્રેનો તેમજ અન્ય મેલ એક્સપ્રેસ ટ્રેનોના બાબતે દાહોદના સાંસદ દ્વારા રજૂઆતો કરાઈ છે. જેને લઈને નજીકના દિવસોમાં નિર્ણય લેવામાં આવશે તેમ જણાવ્યું હતું. પ્રેસવાર્તા દરમિયાન રેલ્વે રાજ્યમંત્રી દર્શના જારદૌસે પણ રેલ્વે કારખાનામાં ફાળવયેલા જુદા જુદા કામો અંગે માહિતગાર કર્યા હતા. ત્યારબાદ રેલ મંત્રી તેમજ રેલ રાજ્ય મંત્રી તથા રેલ્વે વિભાગના અન્ય સ્લગ્ન વિભાગના અધિકારીઓએ રેલ્વે કારખાનાની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું.

## વડાપ્રધાન મોદીની સભા પૂર્ણ થયા બાદ પરત ફરતા કલાકો સુધી ટ્રાફિકજામ : વાહનચાલકો તેમજ પોલીસ તંત્ર ટ્રાફિક જામમાં અટવાયા



દાહોદ,

હાલમાં વડાપ્રધાન મોદીની સભા પૂર્ણ થયા બાદ સભામાં ભેગી થયેલી જનમેદની એક સાથે પરત ફરતા કલાકો સુધી ટ્રાફિકજામ સરદાર વાહનચાલકો તેમજ પોલીસ તંત્ર ટ્રાફિક જામમાં અટવાયા.

દાહોદમાં યોજાયેલા આદિજાતી સંમેલનમાં એસટી બસો, ખાનગી લકઝરી બસોમાં ખાનગી વાહનોમાં બે લાખથી વધુ જન મેદની ભેગી થઈ હતી. જેમાં કાર્યક્રમ બાદ આટલી મોટી સંખ્યામાં ભેગી થયેલી જનમેદનીને એક સાથે પરત ફરતી વેળાએ વિશાળ ચક્કાજામ થતા ટ્રાફિક જામ સર્જાયો હતો. જેના પગલે વાહન ચાલકો અટવાયા હતા. જેના પગલે પોલીસ પણ લાચાર જોવા મળી હતી. અને એક સામટે મોટી સંખ્યામાં વાહનો અટવાતા પોલીસ તંત્ર સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો.

દાહોદ તાલુકાના ખરોડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આદિજાતિ મહાસંમેલન યોજાયો હતો જેમાં. દાહોદ, વડોદરા મહીસાગર પંચમહાલ તેમજ છોટાઉદેપુર જીલ્લા માંથી ૨૮૦૦ જેટલી એસટી બસો, સાત હજારથી પણ વધુ ખાનગી વાહનોમાં બે લાખથી પણ વધુ જનમેદની ભેગી થઈ હતી. પીએમ પ્રોટોકોલ મુજબ દાહોદ હાઈવે ૧૪ કલાક માટે બંધ કરી દેવાતા, તેમજ સભાસ્થળ ના આસપાસના આંતરિયાળ રસ્તાઓ પ્રતિબંધિત જાહેર કરી દેવાયા હતા. અને ફક્ત સભા માં ઉપસ્થિત જનમેદનીને ઉપરોક્ત માર્ગો પર આવવા માટે મંજૂરી આપવામાં આવી હતી. વડાપ્રધાન મોદીના કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આટલી મોટી સંખ્યામાં ભેગી થયેલી જનમેદની એક સાથે પરત ફરતા ભયંકર અરાજકતા ફેલાઈ જવા પામી હતી. એકસાથે જનમેદની વાહનોમાં પરત ફરતાં સભા સ્થળ થી દાહોદ સુધી અંદાજે ૮ કિલોમીટર લાંબો ટ્રાફિકનો ચક્કાજામ થવા પામ્યો હતો. જે મોડી સાંજ સુધી પણ ચાલુ રહ્યો હતો. એક સાથે વાહનો પરત ફરતા ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાઈ હતી જેના પગલે પોલીસ તંત્ર પણ આટલી મોટી જનમેદનીના કારણે સર્જાયેલા ટ્રાફિક જામના લીધે વિમાસણમાં મુકાઈ ગઈ હતી. પોલીસ તંત્ર મોડી રાત સુધી ટ્રાફિક ક્લિયર કરવામાં સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે તારીખ વહીવટી તંત્ર તેમજ પોલીસ તંત્ર દ્વારા મેદનીને ભેગી કરવા માટે જે રીતે સુચારૂં આયોજન કર્યું હતું. તે જ પ્રકારે તેઓને પરત ફરવા માટે સુચારૂ આયોજન કર્યું હોત તો આવી પરિસ્થિતિ ન સર્જાઈ હોત તેવું જનમાનસમાં ચર્ચાઈ રહ્યું છે.

## મણિનગર વિધાનસભા ચૂંટણી લડનારાં શ્વેતા બ્રહ્મભટ્ટ પિતા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા

ગાંધીનગર,

વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી મણિનગર વિધાનસભા ચૂંટણી લડનારાં શ્વેતા બ્રહ્મભટ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૧૮મીએ રાત્રે ૯ કલાકે રાજભવનમાં મળ્યાં હતાં. વડાપ્રધાનને તેમના પિતા નરેન્દ્ર બ્રહ્મભટ્ટ સાથે મળનારાં શ્વેતા બ્રહ્મભટ્ટ આગામી સમયમાં ભાજપમાં જોડાશે તેવી અટકળો તેજ બની છે. આ મુદ્દે નરેન્દ્ર બ્રહ્મભટ્ટનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે, તેઓ મોદીના ચાહક હોવાથી તેમને મળ્યા હતા. ભાજપમાં જોડાવવાનો કોઈ પ્રશ્ન નથી. વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ભાજપમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ જોડાઈ રહ્યા છે. કેટલાક નેતા કોંગ્રેસ અને આપમાં જોડાઈ રહ્યા છે, પણ મોટી સંખ્યામાં નેતાઓ ભાજપમાં જોડાઈ રહ્યા છે ત્યારે વડાપ્રધાનની ત્રણ દિવસની ગુજરાત મુલાકાત દરમિયાન પણ કેટલાક નેતાઓનું ભાજપમાં જોડાવાનું નક્કી થાય તેવી શક્યતા બહાર આવી છે. અમદાવાદ મ્યુનિ.માં કોંગ્રેસનાં ૨૦૦૦થી ૨૦૦૫ના શાસનમાં હેલ્થ કમિટીના ચેરમેન રહેલાં નરેન્દ્ર બ્રહ્મભટ્ટ પણ મોદીને મળ્યા હતા. નરેન્દ્ર બ્રહ્મભટ્ટનાં પુત્રી શ્વેતા બ્રહ્મભટ્ટ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી કોંગ્રેસમાંથી લડ્યાં હતાં. તેમણે મણિનગર બેઠક પરથી ભાજપ ઉમેદવાર સુરેશ પટેલ સામે દાવેદારી કરી હતી અને ચૂંટણી હારી ગયાં હતાં. શ્વેતા હાયર એજ્યુકેશનમમાં સારો દેખાવ કર્યો હોવાથી કોંગ્રેસ તેમને સીધી ટિકિટ આપી હતી.

## ઉત્તરાખંડમાં ગેંગસ્ટર યશપાલ તોમરની ૧૫૩ કરોડની સંપત્તિ જપ્ત

હરિદ્વાર,

ઉત્તરાખંડ એસટીએફે રાજયની રચના બાદ ગેંગસ્ટર અધિનિયમ ૧૯૮૬ હેઠળ અત્યાર સુધી સૌથી મોટી કાર્યવાહી કરી છે.ઉત્તરાખંડ એસટીએફ ગેંગસ્ટર યશપાલ તોમરની ૧૫૩ કરોડ ૨૯ લાખની અચલ ચલ સંપત્તિ કુર્ક કરી છે તેમાં બુલેટ પ્રુફ ફોર્ચ્યુનર ગાડી પણ સામેલ છે.

જીલ્લા મેજીસ્ટ્રેટ હરિદ્વારના આદેશ બાદ એસટીએફ પોલીસે કાર્યવાહી કરતા ઉત્તરપ્રદેશ દિલ્હી અને ઉત્તરાખંડના હરિદ્વારમાં સક્રિય ગેંગસ્ટર યશપાલ તોમરની ૧૫૩ કરોડથી વધુ સંપત્તિ જપ્ત કરી તોમરની સંપત્તી જપ્ત કરવા એસટીએફની ટીમ બીજા રાજયો માટે રવાના થઈ ગઈ છે.

આ મામલામાં હરિદ્વાર દાદરી બડોદ યુપીના લોની અને પૂર્વ દિલ્હીના પ્રશાસનના અધિકારીઓને ગેંગસ્ટર તોમરની પ્રોપર્ટી સીજ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. એ યાદ રહે કે ગેંગસ્ટર યશપાલ તોમર હરિદ્વાર અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી સક્રિય રહ્યો છે તે હરિદ્વારના એક બિલ્ડર પર નજર નાખી રહ્યો હતો તે કંઈ કરી તેના પહેલા જ તોમર પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો આ પહેલા હરિદ્વારના કારોબારી તોશ જૈનની સાથે પ્રોપર્ટી વિવાદ અને રાનીપુર ઝાલ ખાતે ૫૬ વીધા જમીન વિવાદમાં યથપાલ તોમરનું નામ જોડાઇ ચુકયુ છે.

## ચોટીલા તાલુકાની ૩૪થી વધુ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે પીવાના પાણીની કોઈ સુવિધા જ નથી

સુરેન્દ્રનગર,

રાજય સરકાર દર વર્ષે પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કરોડો રૂપિયાનું આંધણ કરે છે. ત્યારે કડવી વાસ્તવિકતા એ છે કે, સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાની ૩૪થી વધુ પ્રાથમિક શાળાઓના બાળકો માટે શાળામાં પીવાના પાણીની સુવિધા જ ઉપલબ્ધ નથી. જેના કારણે આ બાળકોને ઘેરથી સાથે પીવાનુ પાણી લાવવુ પડે છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં છેક આઝાદી સમયથી પીવાના પાણીની ઘેરી સમસ્યા દર વર્ષે વિકરાળ બનીને વધારેને વધારે મોઢું ફાડતી જાય છે. ત્યારે હદ તો એ વાતની છે કે, ચોટીલા તાલુકાની ૩૪ શાળાઓમાં પણ અહીં અભ્યાસ કરતા ભુલકાઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા જ નથી.ચોટીલા તાલુકાના ઝુંપડા(બા), મેવાસા(શે), નાવા વાદી વસાહત શાળા, નાના પાળિયાદ, જાનીવડલા, ગોલીડા, સાંડવા (ઢોકળવા ), ચોબારી, મેવાસા, સુખસર, મોટા હરણીયા, અકાળા, રેશમિયા, કુંઢડા, ચાણપા, રાજપરા, ડાકવડલા , સાલખડા, ફુલઝર, કાબરણ, ગુંદા, જીવાપર (આ), મહીદડ સહિતની ચોટીલા તાલુકાની ૩૪ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા માસુમ ભુલકાઓને દફતરના ભાર સાથે ઘેરથી પીવાના પાણીની બોટલનો ભાર પણ સાથે ઉંચકીને શાળામાં લઈ જવો પડે છે.

ત્યારે પીવાના પાણીની સમસ્યાથી ઘેરાયેલી અનેક શાળાઓમાં બાળકો માટે પાણીની બોટલની દફતર સાથે સલામત રાખવી પડે છે. અને શાળા સમય દરમિયાન બે ત્રણ વખત પાણી ભરવા પણ જવું પડે છે. આ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની ૩૪થી વધુ શાળાઓમાં ઘણાં જ વર્ષોથી આ હાલત છે. તમામ રાજકીય પક્ષોના નેતાઓની અત્યંત નબળી નેતાગીરીનો આ બોલતો પુરાવો છે.

ચોટીલા તાલુકાના ૮૨ જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૧૩૨ સરકારી પ્રાથમિક શાળામાં છે. અને આ શાળાઓમાં કુલ ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. પણ આ પૈકીની ૩૪ જેટલી શાળાઓના ૪૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે શાળામાં પીવાના પાણીની વ્યવસ્થા જ નથી, તે આ તાલુકાની કડવી વાસ્તવિકતા છે. ચોટીલાના જે ૩૪ સરકારી પ્રાથમિક શાળાઓની પાણી સમસ્યા હલ કરવા બે ઉપાય વાલીઓએ સુચવ્યા છે. જેમાં જે ગામોમાં નર્મદાના પાણીની લાઈન પસાર થાય છે. તેમાંથી શાળાઓને પાણીના કનેક્શન આપવાની જરૂર છે. અને જે ગામોમાં નર્મદાની લાઈન જ નથી તેવા ગામોની શાળાઓમાં ટેક્ર દ્વારા જે તે શાળાઓના ટાંકાઓમાં પાણી ભરવામાં આવે તો પણ આ સમસ્યાનો કાયમી ધોરણે ઉકેલ આવી શકે તેમ છે.

## નીતીશકુમાર ગમે ત્યારે મુખ્યમંત્રી પદ છોડી શકે છે



પટણા,

બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર આજકાલ દરેક કામ બહુ જ ઝડપથી કરી રહ્યા છે. અધિકારીઓ અને મંત્રીમંડળ પર પોતાનો પ્રભાવ પાથરી પ્રત્યેક પ્રશાસનિક કાર્યમાં ઝડપ કરી અને કરાવી રહ્યા છે. તેમને નજીકથી ઓળખનારા લોકો કહે છે કે આટલી ઝડપ તેમના સ્વભાવથી વિપરીત છે. નીતીશકુમારની ઝડપનું રહસ્ય હજુ પ્રગટ થયું નથી. તાજેતરમાં તેમણે ચંપારણ અને મુંગેરમાં ૧૨૦૦ કરોડના ખર્ચે બે મેડીકલ કોલેજ બનાવવાની મંજૂરી આપી દીધી. હજી ન તો બિલ્ડીંગનું મોડલ નક્કી થયું છે, ન જમીનનું અધિગ્રહણ. તેમ છતાં નીતીશકુમારે ક્યા આધારે મંજૂરી આપી તે કોયડો છે. એવી જ રીતે નીતીશકુમારના દબાણને વશ થઈ માર્ગ અને મકાન વિભાગે ઉતાવળમાં બખ્તીયારપુરની રૂ. ૧૨૮ કરોડના બે પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. ઉલ્લેખનીય છે કે બખ્તિયારપુર નીતીશકુમારનું જૂનું સંસદીય ક્ષેત્ર છે. અગાઉ નીતીશકુમારે પ્રશાસનિક કાર્યો માટે જે માપદંડ નક્કી કર્યા હતા તેનો હવે તેઓ પોતે જ ભંગ કરતા નજર આવી રહ્યા છે. કેટલાક રાજકીય જાણભેદુઓના મત પ્રમાણે નીતીશકુમાર હવે મુખ્યમંત્રી તરીકે ઝાઝો સમય નથી. થોડા જ મહિનાઓમાં તેઓ બિહારની ગાદી ભાજપના કોઈ નેતાને સોંપીને સ્વયં નરેન્દ્ર મોદીની કેબિનેટમાં સામેલ થઈ જશે. ભાજપ ૨૦૨૪ની ચૂંટણી પણ જેડીયુને ગઠબંધનમાં રાખીને જ લડવાનો છે. આથી નીતીશકુમારને પટનાથી દિલ્હી મોકલવામાં આવશે તો પણ તેમનું પૂરેપૂરુ સન્માન જાળવવામાં આવશે. અગાઉ નીતીશ રાજ્યસભામાં જવાની ઈચ્છા વ્યક્ત કરી ચૂક્યા છે. તેમના એ નિવેદન તથા હાલમાં તેમણે વહિવટી કાર્યોને આપેલો વેગ પણ તેમની સીએમ તરીકે ઘડીઓ ગણાઈ રહી હોવાનો ઈશારો કરે છે. તેમને ઉપરાષ્ટ્રપતિ બનાવવામાં આવે એવી પણ અટકળ સેવાઈ રહી છે. આગામી દિવસોમાં બિહારની રાજનીતિમાં કંઈક નવાજૂની થવાના એંધાણમળી રહ્યા છે. નીતીશે જેમ સરકારી કામકાજમાં ઝડપ કરી છે તેમ મુખ્યમંત્રી આવાસ ખાલી કરી પોતે અગાઉ જે બંગલામાં રહેતા હતા ત્યાં જવા માટેની તૈયારી શરૂ કરી દીધી છે. અગાઉ તેઓ મુખ્યમંત્રી નહોતા ત્યારે સેવન સર્ક્યુલર બંગલામાં રહેતા હતા. મુખ્યમંત્રી બન્યા પછી પણ તેઓ ત્યાં વર્ષો સુધી રહેલા. તેમની બંગલો બદલવાની કવાયત પણ એ જ સૂચવે છે કે ટૂંક સમયમાં તેઓ મુખ્યમંત્રીનું પદ છોડી દેવાના છે.

### દાહોદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા

## આદિવાસી મહાસંમેલનને અનુલક્ષીને આદિવાસી સમાજ તેમજ રાજકીય પાર્ટીના ૩૬ જેટલાં વ્યક્તિઓને પોલીસે ડિટેઈન તેમજ નજરકેદ કર્યા

દાહોદ,

દાહોદ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થતિમાં યોજાયેલા આદિજાતિ મહા સંમેલનમાં ગુજરાતનાં આદિજાતિ મંત્રી નિમિષાબેન સુથારના બોગસ પ્રમાણપત્ર મુદ્દે સોશિયલ મીડિયામાં વિરોધ થતા દાહોદ પોલીસે આદિવાસી સમાજના અગ્રણીઓ તેમજ રાજકીય પક્ષના ૩૬ જેટલાં કાર્યકર્તાઓને નજર કેદ તેમજ ડિટેઈન કરાતા આદિવાસી સમાજમાં રોષ જોવા મળ્યો હતો.

દાહોદ ખાતે યોજાયેલા આદિજાતિ મહા સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્તિથીમાં યોજાયો હતો. આ કાર્યક્રમને સંપૂર્ણ રીતે સફળ બનાવવા માટે દાહોદ વહીવટી તંત્ર તેમજ પોલીસ વિભાગ થતા વિવિધ એજેન્સીઓ કામે લાગી હતી. જે કાર્યક્રમ આદિજાતિ મંત્રી નિમિષાબેન સુથાર ઉપસ્થિત રહ્યા હતા. તેમના બોગસ આદિજાતિના પ્રમાણ પત્ર મુદ્દે આદિવાસી સમાજમાં પહેલાથી જ રોષની લહેર જોવા મળી રહી છે.જોકે આ મામલે સમયાંતરે નિમિષાબેન સુથારનો આદિવાસી સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન અને આદિવાસીના સમાજના વિવિધ સંગઠનો દ્વારા રાજ્ય તથા કેન્દ્રમાં પણ આવેદન પત્રો પાઠવવામાં આવ્યા છે. જે અન્વયે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર હોવાથી કાર્યક્રમમાં કોઈ વિક્ષેપ ના પડે તે માટે પોલીસ દ્વારા ઝાલોદ, સંજેલી ફતેપુરા, ચાકલીયા ધાનપુર, સુખસર, લીમખેડા, ગરબાડા સહીત તાલુકા મથકો પર આદિવાસી સમાજના અગ્રણીઓ કાર્યકર્તાઓ તેમજ રાજકીય પક્ષના આગેવાનો મળી ૩૬ જેટલાં વ્યક્તિઓને નજર કેદ તેમજ ડિટેઈન કરવામાં આવ્યા હતા જેના કારણે આદિવાસી સમાજમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી.

## બિનહિન્દુઓ માટે ચારધામ યાત્રા પર પ્રતિબંધ લાદવામાં આવે તેવી શક્યતાઓ

દહેરાદુન,

ભારતમાં હિન્દુઓ ઉપરાંત દરેક ભારતીય માટે ચારધામની યાત્રા નું ખૂબ જ મહત્વ છે ત્યારે જે હિન્દુ નથી તેમના માટે ખરાબ સમાચાર આવી શકે છે. કારણકે ચારધામ યાત્રા ની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ વખતે બિનહિન્દુઓ માટે ચારધામ યાત્રા પર પ્રતિબંધ લાદવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. મળતી વિગત અનુસાર ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ જણાવ્યું હતું કે, સરકાર શ્રદ્ધાળુઓની ઓળખ માટે હવે વેરિફિકેશનની પ્રક્રિયા ચાલુ કરશે. ત્યારે સાધુ-સંતો દ્વારા બિનહિન્દુઓએ યાત્રા માટેની મંજૂરી નહી આપવાની માંગણી કરાઈ છે. રાજ્યમાં શાંતિ રહેવી જોઈએ તેમજ રાજ્યના ધર્મ અને સંસ્કૃતિની સુરક્ષા થાય તે પણ આવશ્યક છે. દરેક શ્રદ્ધાળુઓની ઓળખ માટે વેરિફિકેશન થાય તે સુનિશ્ચિત કરવાનું કામ વહીવટીતંત્ર કરશે. રાજ્યમાં તંગદિલી સર્જી શકે તેવા લોકોના પ્રવેશ પર રોક લગાવાય તેવી સંભાવના છે. આ વખતે ચારધામ યાત્રા દરમિયાન પર્યટકોના ધસારાથી હોટલનો બિઝનેસ ફરીથી તેજી નોંધાવશે તેવો આશાવાદ ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

## અકીદએ એહલે સુન્નત કોઈ ઈલ્મ વ અમલ સે સહાબી નહી બનતા

હુઝુરે અકરમ સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમ કી ઝાહિકી હયાત મે ઈમામ વ ઈસ્લામ સે મુશરફ હોને વાલા ઔર ઈમાન વ ઈસ્લામ પર મરને વાલા વોહ ખુશ નસીબ હૈ જો સહાબી કહેલાતા હૈ કોઈના ઈલ્મ વ અમલ કી બુનિયાદ પર સહાબી બનતા હૈ ઔર નાહી ઈલ્મ વ અમલ કી બુનિયાદ પર સહાબિયત સે ખારીજ હોતા હૈ ઈલ્મ હદીષ કા મુલલ્લમા ઉસુલ હૈ કી તમામ સહાબા આદિલ હૈ તમામ સહાબા કિરામ તનકીદ સે બાલાતર હૈ ઈન પર તનકીદ શીયત હૈ. (બ-હવાલા-હઝરત અમીરે મુઆવિયા-મુસન્નિફ- ગાઝીએ મિલ્લત સૈયદ મોહમ્મદ હાશમીમિયા)

**- દુરૂદે ઈસ્મે આઝમ -**

"સલ્લાહો રબ્બો મોહમ્મદિન સલ્લા અલય હે વસલ્લામાં નહ-નો ઈબાદો મોહમ્મદિન સલ્લા અલય હે વસલ્લમાં"

ઈસ દુરૂદ શરીફ કો રોઝાના કમ અઝ કમ સૌ બાર પઢને કી બરકત સે દીનો દુનિયા કે હર કામ મે કામયાબી મિલેગી.

તા. ૨૧/૦૪/૨૦૨૨ ગુરૂવાર

વકતે શહેરી ૪-૪૫

વકતે ઈફતાર ૭-૦૨.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.202

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગુજરાતના આદિવાસી વિસ્તારોને મેઈક ઇન ઇન્ડિયાનું કેન્દ્ર બિંદુ બનાવવાની નેમ વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી








દાહોદ,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આદિવાસી વિસ્તારોને મેઈક ઇન ઈન્ડિયાનું કેન્દ્ર બિંદુ બનાવવાની નેમ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, અંબાજીથી ઉમરગામ સુધીના ગુજરાતના આદિવાસી બેલ્ટમાં પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી, સિંચાઇ જેવી પ્રાથમિક સુવિધાઓથી સંપન્ન બનાવ્યા બાદ હવે આ વિસ્તારને મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવી રહ્યો છે. દાહોદ જેવા વિસ્તારમાં રૂ. ૨૦ હજાર કરોડના મૂડી રોકાણથી આદિવાસી વિસ્તારમાં આર્થિક વિકાસનો નવો સૂર્યોદય થશે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, દાહોદ મેઈક ઇન ઈન્ડિયાનું સૌથી મોટું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. ગુલામીકાળ ખંડના લોકોમેટિવ સ્ટીમ એન્જીનના કારખાનાને હવે રૂ. ૨૦ હજાર કરોડના ખર્ચથી આધુનિક બનાવવામાં આવી રહ્યું છે. અહીં ૯ હજાર હોર્સ પાવરના ઇલેકટ્રીક લોકોમેટિવ રેલ્વે એન્જીન બનાવવામાં આવશે. જે મેઈક ઇન ઈન્ડિયાને ગતિ આપવાની સાથે દુનિયાના દેશોની ઈલેક્ટ્રીક રેલ્વે એન્જીનની માંગ પૂરી કરવામાં દાહોદ મહત્વની ભૂમિકા અદા કરશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજે મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, રેલવે રાજ્ય મંત્રી દર્શનાબહેન જરદોશની ઉપસ્થિતિમાં દાહોદ ખાતે યોજાયેલ વિશાળ આદિજાતિ મહાસંમેલનમાં દાહોદ જિલ્લાના આદિવાસી બાંધવોને રૂ. ૧૮૦૯.૭૯ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું હતું. વડાપ્રધાનએ પંચમહાલ જિલ્લામાં જન સુખાકારી અને જન સુવિધાના રૂ. ૧૫૯.૭૧ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય રેલ્વે દ્વારા દાહોદ વર્કશોપમાં અંદાજે રૂ.૨૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ થનાર નવ હજાર હોર્સ પાવરના ઈલેકટ્રીક લોકોમેટિવ મશીન ઉત્પાદન એકમનો શિલાન્યાસ કર્યો હતો. મેઈક ઈન ઈન્ડિયા અભિયાનને સાકાર કરતા આ પ્રોજેકટ થકી દાહોદ અને તેની આસપાસના વિસ્તારોમાં હજારો નોકરીની તકો ઉભી થશે. વડાપ્રધાનએ દાહોદ જિલ્લામાં કુલ રૂ.૨૧૯૬૯.૫૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું હતું.

ભારત વિશ્વના ચુનંદા દેશો પૈકીનો એક દેશ છે કે જે ૯ હજાર હોર્સ પાવરના લોકોમેટિવ રેલ્વે એન્જીન બનાવે છે. દાહોદમાં આ આધુનિક રેલ્વે એન્જીન બનાવવાનું શરૂ થતાં આસપાસના વિસ્તારોમાં આર્થિક ગતિવિધિમાં વધારો થવાની સાથે આ મૂડી રોકાણથી હજારો યુવાનોને રોજગારીની વ્યાપક તકો મળશે. તેની સાથે, નિષ્પ્રાણ બની રહેલા દાહોદના પરેલ વિસ્તાર પણ ધમધમતો થશે.

આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર અને રાજયની સરકાર ખભેખભા મિલાવીને કામ કરી રહી છે, તેનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનએ જણાવ્યું કે, ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી બેલ્ટમાં શિક્ષણ, આરોગ્ય, રસ્તા, વીજળી, સિંચાઇ, કૃષિ, આવાસ, ગેસ ચૂલા જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી છે. જેના પરિણામે અનેક આદિવાસી પરિવારો આર્થિક પ્રગતિના માર્ગ પર દોડવા લાગ્યા છે. પ્રગતિ, વિકાસની નવી દિશા અમે કંડારી છે.

આદિવાસી વિસ્તારોમાં નલ સે જલ યોજનાના સુદ્રઢ અમલીકરણ વિશે જણાવતા મોદીએ ઉમેર્યું કે, પાણીની સમસ્યા હોઈ ત્યારે તેને સૌથી વધુ સહન આપણી માતા અને બહેનોએ કરવું પડે છે. એક સમય હતો જ્યારે, પાણી માટે દરદર ભટકવું પડતું હતું. પણ હવે નલ સે જલ મિશન હેઠળ ઘરેઘરે નળમાં પાણી આપવામાં આવી રહ્યું છે. આ યોજનાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાતના આદિવાસી વિસ્તારોના ૫ લાખ ઘરોમાં નળ જોડાણ આપવામાં આવ્યા છે. દેશમાં છેલ્લા અઢી વર્ષમાં ૬ કરોડથી પણ વધુ પરિવારોને આ યોજનાનો લાભ મળ્યો છે. પાણીની મોટી સમસ્યા હલ થતાં માતાઓના આશીર્વાદ અમને મળી રહ્યા છે.

મોદીએ આરોગ્ય સેવાઓ અંગે જણાવતા કહ્યું કે, હું અહીં મુખ્યમંત્રી હતો ત્યારે મને આદિવાસી વિસ્તારોમાંથી એવી રજૂઆત મળતી કે ઝેરી સાંપ કરડવાના કારણે માનવ મૃત્યું થાય છે. ત્યારે અમે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં એન્ટી વેનમ ઈન્જેકશનની સુવિધા પણ રખાવી હતી. હવે તેની સામે આદિવાસી ક્ષેત્રોમાં વેલનેસ સેન્ટર પણ ખુલી રહ્યા છે. દૂરદરાજના ગામોના લોકોને ઘરથી નજીક આરોગ્યલક્ષી સેવા મળી રહી છે.

આદિવાસી યુવાનો અને યુવતીઓ ડોક્ટર, ઈજનેર બને તે માટે હું જયારે મુખ્યમંત્રી હતો ત્યારે આદિવાસી બેલ્ટના દરેક તાલુકા મથકે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરાવી હતી. આજે આદિવાસી જિલ્લાઓમાં મેડિકલ કોલેજ, ઈજનેરી કોલેજ, નર્સિંગ કોલેજો શરૂ કરવામાં આવી છે. આદિવાસી છાત્રો ભણીને તબીબ અને ઈજનેર બની રહ્યા છે. એટલું જ આ છાત્રો સરકારની સહાયથી વિદેશમાં પણ અભ્યાસ કરી રહ્યા છે. તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે, આદિવાસી વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ મળે તેની ચિંતા કરી દેશમાં ૭૫૦ એકલવ્ય મોડેલ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. સાત દાયકા પૂર્વે દેશમાં માત્ર ૧૮ આદિવાસી સંશોધન કેન્દ્રો હતા, તેની સાપેક્ષે માત્ર છેલ્લા સાત વર્ષમાં ૯ સંશોધન કેન્દ્રો ખોલવામાં આવ્યા છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સિકલસેલ એનિમિયાની ગંભીર સમસ્યા છે. તેની સૌથી વધુ અસર યુવાનો ઉપર થાય છે. આ બિમારી સામે લડવા માટે વૈજ્ઞાનિક સંશોધનો કરી રહ્યા છે. એ દિશામાં કામગીરી પણ રાજ્ય સરકાર કરી રહી છે.

તેમણે જણાવ્યું કે, આદિવાસી ક્ષેત્રના ખેડૂતો હવે પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. અહીંના પ્રાકૃતિક ખેત ઉત્પાદનો મોટા શહેરોમાં વધુ કિંમતથી વેચાઇ રહ્યા છે. જેના પરિણામે ખેડૂતોની આવક વધી છે. એક સમય હતો જ્યારે દાહોદની ફૂલની ખેતી ખૂબ જ વખણાતી હતી. દાહોદના ફૂલો છેક મુંબઈ સુધી જતાં અને ત્યાં આ ફૂલોથી પૂજાબંદગી થતી હતી. હવે તેના સ્થાને પ્રાકૃતિક ખેતી કૃષિકારો અપનાવી રહ્યા છે.

વડાપ્રધાનએ જણાવ્યું કે, દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. સાત દાયકા સુધી આઝાદીના મૂળ લડવૈયાઓને અવગણના કરવામાં આવી. આવા વીરોના ઈતિહાસને ભૂલવાડવાનો પ્રયાસ થયો છે. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જૂના પંચમહાલના આદિવાસીઓ અંગ્રેજો સામે લડતા લડતા ખપી ગયા હતા. માનગઢ હત્યા કાંડ તો જલિયાવાલા બાગ કરતા પણ ભયાનક હતો. ગોવિંદ ગુરૂ અને તેમના અનુયાયીઓની અંગ્રેજો દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આવા અનેક આદિવાસી સ્વાતંત્ર્ય વીરોને ઉચિત સન્માન આ સરકારે બક્ષ્યું છે. માનગઢમાં ગોવિંદ ગુરૂનું સ્મારક, રાંચીમાં ભગવાન બિરસા મુંડાનું સંગ્રહાલય બનાવાયું છે. જે ભાવિ પેઢીને ઈતિહાસ બોધ આપતું રહેશે.

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે શિક્ષણજગત્તને આહ્વાન કરતા મોદીએ કહ્યું કે, આવા અનેક અનામી સ્વાતંત્ર્ય વીરોની ગાથા રજૂ કરતા કાવ્યો, નાટકો, ગીતો લખવામાં આવે અને તેનું મંચન કરવામાં આવે. આ કરવાથી ભાવિ પેઢીને આ સેનાનીઓના યોગદાનની જાણકારી મળશે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે પૂર્વ પટ્ટીના આદિવાસી જિલ્લાઓમાં ૭૫ મોટા તળાવો બનાવવાનું બિડું ઉઠાવવા હાકલ કરી હતી. જેનાથી ચોમાસામાં વહી જતાં જળનો સંગ્રહ કરી શકાશે. ખાસ કરીને આજના યુવાનો જ્યારે દેશની આઝાદીની શતાબ્દિ કાળે આ તળાવો થકી પોતાનું યોગદાન અંકિત કરી શકશે.

કોરોના મહામારી અને બીજી તરફ વૈશ્વિક અશાંતિ વચ્ચે પણ દેશ મક્કતાપૂર્વક આગળ વધી રહ્યો છે, તેમ કહેતા મોદીએ ઉમેર્યું કે, કોરોના મહામારીમાં મારા ગરીબ, આદિવાસી, દલિત અને પછાતવર્ગના લોકોના ઘરના ચુલા સળગતા રહે એ માટે સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી ૮૦ કરોડ ગરીબ પરિવારોને વિનામૂલ્યે અનાજ આપવામાં આવી રહ્યું છે. ગરીબોની જઠરાગ્નિ તૃપ્તિનો વિક્રમી યજ્ઞ છે.

જ્યાં રહીએ તે સ્થાનનો પ્રભાવ જીવનમાં આવે છે, ઉક્તિ કહેતા મોદીએ કહ્યું કે, મારા પ્રારંભિક જાહેરજીવનમાં આદિવાસી વિસ્તારમાં ખૂબ જ પ્રવાસ રહ્યો છે. આદિવાસીઓ વચ્ચે રહી તેમની સમસ્યા ઓળખી છે. આદિવાસીઓનું જીવન નજીકથી જોયું છે. આદિવાસીઓ પાણી જેવા પવિત્ર અને કૂંપળ જેવા સૌમ્ય હોઈ છે. આ સમાજે મને ઘણું શીખવાડ્યું છે. તેમના આશીર્વાદ મને સતત મળતા રહે છે. હું મુખ્યમંત્રી હતો. ત્યારે પણ આટલી વિશાળ સભા જોઈ નહોતી. આ વિરાટ જનસાગરના દર્શન કરવા મારા સૌભાગ્ય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદ સી. આર. પાટીલે કમાલ કરી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે, દાહોદમાં સૂર્યદેવનું પ્રથમ કિરણ પ્રવેશે છે, જે સમગ્ર ગુજરાત ઝળહળતું કરે છે. તે બહુધા આદિવાસી પંથક દાહોદને આજે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રૂ. ૨૧ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટથી ઝળહળી રહ્યું છે. પ્રધાનમંત્રીએ પોતાના યશસ્વી નેતૃત્વથી દુનિયા સમક્ષ વિકાસ કોને કહેવાય અને વિકાસ કેવો હોય તેનું આદર્શ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

તેમણે ઉમેર્યું કે, અગાઉની સરકારના સમયે આદિવાસી બાંધવો માટે ૨૨ વર્ષમાં માંડ રૂ. ૨૨૬૭ કરોડનું એટલે વાર્ષિક રૂ. ૧૦૦ કરોડ બજેટ રહેતું હતું. જયારે આદિજાતિ બંધુઓના સર્વાંગી વિકાસ માટે પ્રધાનમંત્રીના નેતૃત્વ, સંકલ્પ અને માર્ગદર્શનમાં છેલ્લા બે દાયકામાં રૂ. ૧ લાખ કરોડથી વધુના વિકાસકાર્યો સંપન્ન કરાયા છે. જ્યારે આગામી વર્ષ ૨૦૨૫ સુધીમાં હજુ રૂ. ૧ લાખ કરોડના વિકાસકામોની ભેટ ધરાશે.

આદિવાસી બાંધવોને તમામ પાયાની સુવિધા મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પ્રાથમિક શિક્ષણ થી ઉચ્ચ શિક્ષણ આદિવાસી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને મળે તેના માટેના દ્વાર રાજ્ય સરકારે ખોલી નાખ્યા છે. મેડિકલના શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણની આદિવાસી યુવાનોને ઘરઆંગણે તક મળી છે. ઓનલાઈન શિક્ષણનો લાભ પણ આદિવાસી યુવાનો મેળવી શકે તે માટે રૂ. ૧૧૧ કરોડનું નેટવર્ક ઉભું કરાશે તેનું પાકું આયોજન રાજ્ય સરકારે કર્યું છે.

સર્વે સન્તુ નિરામયના આદર્શોને ચરીતાર્થ કરતા રાજ્ય સરકાર આદિવાસી વિસ્તારની આરોગ્ય સુખાકારી માટે ૨૭ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૮૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો પ્રારંભ કરશે. તેમજ ૧૭૫ એમ્બ્યુલન્સ રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારના આરોગ્ય કલ્યાણ માટે ભેટ આપી છે.

રાજ્ય સરકારે અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પાયાના વિકાસ કાર્યો પહોંચતા કર્યા છે. નલ થી જળ યોજના થકી પાંચ ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી હવે પહોંચતું થયું છે. આદિવાસી વિસ્તારોમાં ૬ લાખ પરિવારો માટે પાકા આવાસો બનાવાયા છે.

તેમણે જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે આદિવાસી સ્વાતંત્ર્ય વીરોના ત્યાગ અને બલિદાનોના સન્માનમાં નર્મદાના ગરૂડેશ્વર ખાતે રૂ. ૧૩૭ કરોડના ખર્ચે નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમની સ્થાપના કરાશે. વિકાસ માટે આદિવાસી સમાજ કોઇનો મોહતાજ ના રહે તેવા દ્રઢ નિર્ણયો કરી આદિવાસી ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસ દ્વારા આત્મ નિર્ભર ગુજરાત થકી આત્મ નિર્ભર ભારતની વડાપ્રધાનની સંકલ્પનાને સાકાર કરવામાં આવશે.

આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલએ જણાવ્યું કે ગુજરાતના આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવી તેમના સર્વાંગી વિકાસ માટેવનબંધુ કલ્યાણ યોજના ૨૦૦૭ માં અમલમાં મૂકી હતી અને હવે આ યોજના હેઠળ રૂ. એક લાખ કરોડથી વધુની જોગવાઈ કરવામાંઆવી હતી. કોરાનાની મહામારીમાં સમયે કોઈ ગરીબ ભૂખ્યો સુવે નહિ તેની દરકાર લઈ નરેન્દ્રભાઈએ વિના મૂલ્યે અનાજ આપવાનું શરૂ કર્યું છે. તેનાથી આદિવાસી સમાજને બહુ ફાયદો થયો છે.

આજનો દિવસ આદિવાસીઓ માટે સુવર્ણ અક્ષરે લખાશે એવી લાગણી વ્યક્ત કરતા આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓની સમસ્યાઓને વાચા આપી પીએમ આવાસ યોજના હેઠળ નિર્માણ થતા આવાસો મહિલાઓને નામે કરી મહિલા શક્તિનું સન્માન કરી મહિલાઓને તેમના અધિકારો આપવાનું કાર્ય કર્યું છે.

વડાપ્રધાનએ પ્રારંભે વિવિધ યોજનાના લાભાર્થી એવા આદિવાસી બાંધવો સાથે સ્નેહસભર સંવાદ સાધ્યો હતો અને સરકારની યોજનાઓના લાભ થકી તેમના જીવનમાં આવેલા ગુણાત્મક પરિવર્તન અંગેની માહિતી મેળવી હતી. આ સંવાદ દરમિયાન આદિવાસી સમાજનાં લાભાર્થીઓના ચહેરા ઉપર આનંદ અને આંખોમાં વડાપ્રધાન પ્રત્યેની લાગણી સ્પષ્ટ જોવા મળતી હતી.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ જશવંતસિંહ ભાભોર, પૂર્વ મંત્રી ગણપતસિંહ વસાવાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી દર્શના જરદોશ, સાંસદ અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર.પાટીલ, રાજ્ય મંત્રી મંડળના સદસ્યો જીતુભાઈ ચૌધરી, કુબેરભાઈ ડિંડોર, સાંસદ સર્વ પ્રભુભાઈ વસાવા, રતનસિંહ રાઠોડ, રંજનબેન ભટ્ટ, રમીલાબેન બારા, મનસુખભાઈ વસાવા, કે.સી.પટેલ, ગીતાબેન રાઠવા, ધારાસભ્યઓ, પૂર્વ ધારાસભ્યો, પદાધિકારીઓ મુખ્ય સચિવ પંકજકુમાર,વરિષ્ઠ સચિવો, અધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં આદિવાસી માનવ મહેરામણ ઉપસ્થિત રહ્યો હતો.

## દાહોદ દેલસરના સર્વે નં.૮૭૮ પૈકી ૩ વાળી જમીનમાં કોઈપણ

# સરકારી ગેરરીતિઓ સામે આવે તો રેવ્યુ તથા ફોજદારી કાર્યવાહી કરવાની થતી હોય ત્યારે આ કિસ્સામાં અધિકારીઓ તપાસ કરી FIR નોંધાવશે ?

ગોધરા,

દાહોદના દેલસર ખાતે આવેલ સર્વે નં.૮૭૮ પૈકી ૩ વાળી જમીનમાં ભુમાફિયાઓ દ્વારા સરકારશ્રીના હકકપત્ર રેકર્ડ જમીન કાયદા મુજબની નોંધો ઉડાડી દેવામાં આવેલ છે. કોઈપણ નોંધ સાચવવી એ તલાટી તથા મામલતદાર કચેરીને કાયદા મુજબ સાચવવા સંપૂર્ણ જવાબદારીઓ રાજય સરકાર દ્વારા મેન્યુઅલ મુજબ સોંપેલ હોય તેમ છતાં ખૂબ મોટા પ્રમાણમાં ભુમાફિયાઓ દ્વારા પ્રિમીયમની ચોરી કરી દાહોદના ઝુઝર સૈફુદીન રામપુરવાળા તથા તેમના ભાગીદાર દેસાઈ મનુભાઈ વાડીલાલ વિગેરે દ્વારા કરાઈ છે. ત્યારે દાહોદ રેવન્યુ વિભાગના તમામ અધિકારીઓ, કર્મચારીઓ એ સરકારશ્રીના ઉપસચિવ મહેસુલ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ગણત-૧૬૧૦-૨૪૬૪-તા.૨૦/૧૦/૨૦૧૪ મુજબ ૭૦ઓ હેઠળ આવેલ કેશમાં જમીનનું પ્રિમીયમ વસુલ લેવાની જોગવાઈઓ કરેલ છે. તેમ છતાં દાહોદની આવી કેટલીય જમીનોમાં હકક પત્રની નોંધો ઉડાડી સરકારી બાબુઓ ભુમાફિયાઓ સાથે મળી ખુબ જ મોટા પ્રમાણમાં ગેરરીતિઓ આચરેલ છે. તેની સામે યોગ્ય કાર્યવાહી કરી આવા તત્વોને ડામવામાં આવે તે જરૂરી છે.

દાહોદના સર્વે નં.૮૭૮ પૈકીમાં ૭૩ એ.એ.ની નોંધ કરવામાં આવેલ છે. જે નોંધ નં.૧૩૦૭૬ છે. આ ભુમાફિયા દાહોદ રેવન્યુ વિભાગના અધિકારી, કર્મચારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા ઝુઝર સૈફુદીન રામપુરવાળા અને દેસાઈ મનુભાઈ વાડીલાલ દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં સરકારશ્રીના પ્રિમીયમનું નુકશાન કરેલ છે અને રેવન્યુ વિભાગના કોઈ પણ કર્મચારી- અધિકારીઓને પ્રિમીયમની ચોરી ધ્યાને લાવતા તેમના દ્વારા ઉડાઉ જવાબ આપવામાં આવે છે. તે આવી પ્રિમીયમ ચોરી કરતાં તત્વો સાથે મેળાપીપણાની ચાડી ખાય છે.

કોઈપણ કિસ્સામાં સરકારશ્રીની સાચવાની જવાબદારીઓ જે તે જીલ્લાના નોડલ અધિકારીઓને ગુજરાત સરકાર દ્વારા સોંપેલ છે અને કોઇપણ જીલ્લાના કલેકટરને આવી બાબતો ધ્યાને આવે તો રીવ્યુ તથા ખાતાકીય પગલા લેવાની જવાબદારો સોપવામાં આવે છે. તેમ છતાં સરકારી અધિકારીઓ ભુમાફિયાઓ સાથે મળીને જઈને સરકારને નુકશાન કરતા કેટલાક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આવી ગેરરીતિઓ બાબતે ગુજરાત સરકારના તમામ વિભાગો તરફ થી જીલ્લાના રેવન્યુ વિભાગ કલેકટર વિભાગના કર્મચારી અધિકારીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેને લઈ તકેદારી આયોગ શ્રી નિયામક તરફથી તમામ વિભાગોને સુચનાઓ આપેલ હોવા છતાં જીલ્લા કલેકટરના રેફરન્સોમાં વિસંગતાઓ જોવા મળે છે. તેવું પણ અધિકારીઓ તરફથી સખત સુચનાઓ પાઠવવામાં આવેલ બાબતે કર્મચારીઓ અધિકારીઓ વિરૂદ્ધની રેર્કડી પુરાવા સાથેની અરજીઓને ખોટી રીતે દફતરે કરાવી સરકારને હકક પત્ર નોંધોને અન્યશ રાખી ગેરરીતિઓ આચરતા હોવાના કિસ્સાઓ પણ સામે આવે છે. આ બાબતે ગુજરાત સરકાર મહેસુલ મંત્રી આવી મિલ્કતો ઉપર નજર નહી રહે તો સરકારશ્રીને મોટા પ્રમાણમાં નુકશાન વેઠવાનો વારો આવે તેમ છે. જેથી આવા હકક પત્રની સંપૂર્ણ નોંધો બાબતે યોગ્ય કાર્યવાહી વર્ગીકરણ બાબતે જીલ્લા કલેકટર દાહોદ અને જીલ્લા કલેકટર પંચમહાલ પાસે સરકારશ્રી વર્ગીકરણ પરીપત્રો મુજબનો ખુલાસો રજુ કરી કરાવે તેવી માંગો ઉઠવા પામી છે. દાહોદના સર્વે નંબર ૮૭૮ પૈકી ૩ ની એન.એ. કરાવનાર ઝુઝર સૈફુદીન રામપુરવાળા તથા દેસાઈ મનુભાઈ વાડીલાલની જીલ્લા દાહોદ અને જીલ્લા પંચમહાલ સબ રજીસ્ટેટ દ્વારા સર કરી કરાવવામાં આવે તો નામી-અનામી ખુબ મોટા પ્રમાણમાં મિલ્કતોના પર્દાફાશ થાય તેમ છે અને ૮૭૮ પૈકી ૩ વાળી જમીનમાં લે આઉટ પ્લાન મુજબના ભંગ કરવા બાબતે દાહોદ પાલિકા ચીફ ઓફિસર દ્વારા દબાણ દુર કરવામાં આવે તેવી માંગ જાગૃત નાગરિક દ્વારા કરવામાં આવી છે.

# ગોધરા-હાલોલ હાઈવે ખડકી ટોલપ્લાઝા પાસે થી ટ્રકમાં લઈ જવાતો ૪૭.૪૦ લાખનો દારૂનો જથ્થો LCB પોલીસે ઝડપ્યો



ગોધરા,

ગોધરા-હાલોલ હાઈવે રોડ ખડકી ટોલ પ્લાઝા પાસે એલ.સી.બી. પોલીસ ચેકીંગમાં હોય દરમિયાન ટ્રકને ઉભી રાખી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રક માંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૪૭,૪૦,૦૦૦/-રૂપીયા તેમજ ટ્રકમાં ભરેલ ગુલકોઝના બોટલો, રોકડ, મોબાઈલ ફોન, ટ્રક મળી કિંમત ૫૭,૬૮,૧૦૦/-લાખ રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-હાલોલ હાઈવે રોડ ખડકી ટોલ પ્લાઝા પાસે એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે વોચ ગોઠવી હતી. દરમિયાન અશોક લેલન ટ્રક નંબર એમ.એચ.૦૨.એફ.જી.૩૬૯૫ને રોકવામાં આવી હતી અને ટ્રકની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ટ્રકમાં ગુલકોઝના બોટલ નંગ-૫૩૨ કિંમત ૫૩૨૦/-રૂપીયાની આડમાં લઈ જવાતો ઈંગ્લીશ દારૂનો જથ્થો નંગ-૪૭,૪૪૪ કિંમત ૪૭,૪૦,૪૦૦/-રૂપીયા, ટ્રક, મોબાઈલ ફોન મળી કુલ કિંમત ૫૭,૬૮,૧૦૦/-રૂપીયા સાથે ટ્રક ચાલક હનીફખાન ઉર્ફે દાઢી કાળુખાન (મોઈલા) મુસલમાન રહે. લક્ષ્મી વીલા શોપીંગ સેન્ટર સચીન સુરત, જામીનખાન બાબુખાન મુસલા રહે. જેડીયાવાસ ગામ-પાંચલા, રાજસ્થાન ને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો અસલમ અન્સારી દ્વારા ટ્રકમાં ભરાવ્યો હતો અને આ જથ્થાને ગોધરા શામળાજી રોડ ઉપર કોઈ અજાણ્યા ઈસમ લેવા આવનાર હોય આ બાબતે એલ.સી.બી.પોલીસ દ્વારા વેજલપુર પોલીસ મથકે પકડાયેલા એ ઈસમો તેમજ અન્ય ૫ ઈસમો વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# વેજલપુર વૈજનાથ મહાદેવ મંદિરની આસપાસ અસામાજીક તત્વોની કનડગત દુર કરવા માંગ સાથે કલેકટરને લેખિત રજુઆત

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ વૈજનાથ મહાદેવ મંદિરની આસપાસ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હોય અને અસામાજીક તત્વોની કનડગત રહેતી હોય તે દુર કરવામાં આવે તેવી માંગ સાથે અખિલ ભારત હિન્દુ મહાસભાના પ્રભારી દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ.

વેજલપુર ગામે વૈજનાથ મહાદેવનું પૌરાણિક મંદિર આવેલ છે. મંદિરની આસપાસ ગેરકાયદેસર બાંધકામ કરી દેવામાં આવેલ છે. મંદિરની આસપાસની ફેન્સીંગ વાડ તોડી નાખવામાં આવેલ છે. આ ધાર્મિક સ્થળની આસપાસ પાર્ટીઓ કરવામાં આવતી હોય જેને લઈ હિન્દુ સમાજની લાગણી દુભાતી હોય આ બાબતે અખિલ ભારતીય હિન્દુ મહાસભા પ્રભારી દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરીને આવા ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે લેખિત રજુઆત કરવામાં આવી.

# શહેરા તાલુકાના બાહી ચોકડી પાસે બસ અને ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રાફિક જામના દ્રશ્યો

શહેરા,

શહેરા તાલુકા મોડાસા હાઈવે બાહી ચોકડી પાસે એસ.ટી.બસ અને ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

વિસ્તૃત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના હાઈવે રોડ ઉપર આવેલ બાહી ચોકડી પાસે વહેલી સવારે એસ.ટી.બસ અને ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના કારણે લોકટોળાઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતમાં ટ્રેકટરની ટ્રોલીને જામના દ્રશ્યો સર્જાયા હતા. સદ્દનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.